પૈસાવાળાઓ પોતાનો પૈસો અને તેને લીધે મળતી સત્તા એ બન્ને વસ્તુ આપમેળે રાજીખુશીથી છોડી દઈ સર્વના કલ્યાણ માટે બધાંની સાથે મળીને વાપરવા તૈયાર નહીં થાય તો હિંસક તેમજ ખૂનખાર ક્રાંતિ થયા વિના રહેવાની નથી એમ ચોક્કસ સમજવું.

—ગાંધીજી

આપણો માનવ સમાજ શોષણવિહીન અને શાસનમુક્ત બને એવી ભગવાનની સ્પષ્ટ ઇચ્છા છે. મારું સૌને આહ્વાન છે કે જેના જીવનમાં કંઈક સત્ત્વ હોય, જેના શરીરમાં પ્રાણ હોય, જેની બુદ્ધિમાં વિવેક હોય તે સૌ આ ભૂદાનયજ્ઞના કામમાં કૂદી પડો અને ભગવાનના આશીર્વાદ લો.

—વિનોબાજી

વિષયસૂચી

ટિપ્પણમાં વાપરેલાં પુસ્તકો

ગીતા

આશ્રમભજનાવલી

લઘુપાઠ (પાલી ભાષા)

ધમ્મપદ (,,)

મહાભારત

મનુસ્મૃતિ

ઇશુખ્રિસ્ત, પર્વત પરનો ઉપદેશ

હજરત મહમદ અને ઇસ્લામ

કલ્પસૂત્ર

વસુદેવહિંડી

કલ્પસૂત્રકિરણાવલી ટીકા

ઉત્તરાધ્યયન સૂત્ર

પંચતંત્ર–અપરીક્ષિતકારક તંત્ર

દેશીનામમાળા

હૈમ અનેકાર્થસંગ્રહ

દિવ્યાવદાન

વિષ્ણુપુરાણ

ખોરદેહ અવસ્તા (પારસી ધર્મનો ગ્રં

ભણવાનીયે મથામણો તો પછી ઘણીયે કીધી: ગીતા, ઉપનિષદ, ભાષ્યો, ભાગવતાદિ. અંગ્રેજીયે આછુંપાતળું ભણી નાખ્યું. પણ બધું સટરફટર. ઠૂંઠપૂંજિયો જ રહ્યો.

આમ હિંદુ ધર્મસંસ્કૃતિ, શાસ્ત્રદર્શન અને વિચારણાનો પરિચય તો થોડોક ભાગ્યને બળે પામ્યો; પણ જૈનો વચ્ચે જિંદગી વીત્યા છતાં જૈનદર્શન, શાસ્ત્ર, વિચારણાની બાબતમાં કોરોધાકોર રહ્યો. દેરે-અપાશરે જાઉં, સાધુસાધ્વીઓનાં વખાણ સાંભળું, ઘરઆંગણે ગોચરી કરવા આવે ત્યારેય વાતો થાય. પણ મન ઠૉળે નહિ. વાતાવરણ બધું તંગ, સાધુસાધ્વીઓ બધાં લકીરનાં ફકીર, ઠીંગરાએલાં ઓશિયાળાં જેવાં લાગે. એમની પ્રાચીન પરિભાષા ને સંકીર્ણ આચારવિચારની સૃષ્ટિમાં મને સળ ન સૂઝે.

આમ ઉમ્મર વધતી ગઈ તેમ હિંદુ શાસ્ત્ર સંસ્કૃતિ આદિની વિચારણામાં જેમ કંઈક ચંચુપાત કરી શક્યો, તેમ જૈન સાહિત્ય જે કંઈ ઉપલબ્ધ હતું તે તરફ મને કશું ખેંચાણ થઈ શક્યું નહિ. બે જ પ્રસંગો વહેલેના ફક્ત યાદ રહ્યા છે. રામાયણ મહાભારતના વિખ્યાત પંડિત કલ્યાણવાળા રાવબહાદુર ચિંતામણરાવ વૈદ્ય મારા ગુરુજનોમાં હતા: રિટાયર થયા પછી રોજ બપોરે મુંબઈ ટાઉનહૉલની રૉયલ એશિયાટિક સોસાઈટીની લાઇબ્રેરીમાં આવે ને હું એમની પાસે ભણું. કામધેનુ પારસો મૂકે તેમ એમની જ્ઞાનગંગાના ધોધ છૂટે ને હું ચસચસ પીઉં. બે ત્રણ વર્ષની એ શ્રવણ-ભક્તિમાંથી મને ઘણું ઘણું મળ્યું. એકવાર બૌદ્ધ ચાર્વાક જૈન મીમાંસકોની કંઈક ચર્ચા નીકળતાં એમણે બ્રાહ્મણ અને જૈન જીવનદર્શન અંગે વિસ્તારથી સમજણ આપેલી. બીજો પ્રસંગ લોકમાન્ય જોડેનો. માંડલેના કારાવાસ દરમ્યાન લખીને આણેલા એમના વિખ્યાત 'ગીતા રહસ્ય' ગ્રંથની ૧૯૧૫ ની સાલમાં પ્રેસનકલ તૈયાર થતી હતી તે દરમ્યાન પેન્સિલે લખાએલી મૂળ હાથપ્રતમાં ફેરફેર નરી યાદદાસ્ત ઉપરથી કાંઉસો મૂકીને એમણે ટાંકેલા શ્રુતિસ્મૃતિ ઉપનિષદ

શાસ્ત્રપુરાણ કાવ્યાદિ ગ્રન્થોના આધારના આંકડા મૂળ ગ્રન્થોમાંથી તે તે પ્રસંગો કાઢી નોંધી સરખાવી જોવાનું કામ બીજાઓ સાથે પૂના ગાયકવાડ વાડામાં દાદાની લાઈબ્રેરીમાં બેસીને હું કરતો. એ દિવસોમાં કપિલ મુનિની એક લુપ્ત સાંખ્ય કારિકા પોતે મહેનત કરીને કેવી રીતે શોધી કાઢતી કરી એનો ઇતિહાસ અમને સંભળાવીને સાંખ્યોના નિરી-શ્વરવાદ અને જૈનોના સ્યાદ્વાદ વિષે લાંબી સમજ દાદાએ અમને આપેલી ને તેની ખૂબીઓ તેમજ ખામીઓ બતાવેલી.

સદ્ગત મોતીચંદ કાપડિયાના કુટુંબમાં વર્ષો લગી કુટુમ્બીને નાતે હું રહેલો. એમની જૈન સાહિત્ય તેમજ સમાજની એકનિષ્ઠ સેવા ગુજરાતી જૈન આલમમાં જાણીતી છે. ધીકતા ધંધાનાં દબાણો અને રોકાણો વચ્ચે ચંદ્રસૂર્યની નિયમિતતાથી પોતે સવારની સામાયિક પછી રોજ કલાક શાસ્ત્રગ્રન્થોના અનુવાદ, વાર્તિક, ટિપ્પણ-ટાંચણો કરવા પાછળ આપતા. પારાવાર આદરભાવે રોજેરોજ આ હું જોતો. પણ એમના જાડાજાડા ગ્રન્થો વાંચવાનું તો દરકિનાર,*—એ બધાનાં નામ પણ હું કદી યાદ ન રાખી શક્યો. તેવું જ શ્રી. મોહનલાલ દલીચંદ વગેરે બીજા પણ સમકાલીન શાસ્ત્રવિદ્યાવિભૂષિત આધુનિક જૈન વિદ્વાનો વિષે મને લાગતું. ત્રીજાય એક મહાપંડિતને હું ઓળખતો. પણ એ તો મને નરા ઘસમરીયા ને ધમરોળીયા જ લાગેલા. લેખક પણ એક બે મળેલા. આ બધાઓની રચનાઓ અને લખાણોમાં પંડિતો અને અભ્યાસુઓને ભલે કીમતી સામગ્રી લાધી હોય, મારા જેવા 'ઈતર જનો' (layman)ના દિલને તે સ્પર્શ કરી શક્યાં નહિ. .. ..

રજૂઆત એક કળા છે. ગજ્જબ પાકટ વિદ્વત્તાની મોહતાજ નથી. ભક્તિરાગી નાનક સૂર કબીર જ્ઞાનબા તુકારામ નરસી મીરાં આદિ મધ્ય-

* કોરે રહ્યું.

યુગીન સંતોમાંના ઘણા આજના રૂઢ અર્થમાં અભણ હતા. પણ તેઓ ભાવભક્તિ ને કવિતાના જુવાળને હેલે ચડીને હિંદના સામાજિક ઇતિહાસની ચાર સદીઓ ઘસડાઈ ગઈ. આજને કાળે પણ એ સંતોની રચનાઓની, અને એમને જેમનો વારસો મળ્યો તે પ્રાચીન પૂર્વજોનાં રચેલાં ગીતા ઉપનિષદ્ ભાગવત મહાભારત રામાયણની જે રજૂઆત રામકૃષ્ણ–વિવેકાનંદ, ટાગોર, અરવિંદ, રાધાકૃષ્ણન કે ગાંધીજીએ કરી, અથવા તો મહાભારત કથાઓની રાજાજીએ ને રામાયણ મહાભારતનાં પાત્રોની મુ. નાનાભાઈએ કરી,—એ બધામાં રજૂઆતનો કીમિયો પડેલો છે. દૃષ્ટિ વિહોણા જૂના સામ્પ્રદાયિક હરદાસો કીર્તનકારોની રજૂઆત વચ્ચે અને બાઉલોનાં ગાન કે કબીર સાખીઓની ગુરુદેવ ટાગોરે કરેલી રજૂઆત વચ્ચે,—અથવા તો પંઢરીના વારકરીઓને મુખે આઠે પહોર ગવાતા તુકારામના અભંગોની જે રજૂઆત મરહૂમ જસ્ટીસ ચંદાવરકરને મુખે મુંબઈ પ્રાર્થનાસમાજ મંદિરની વ્યાસપીઠ પરથી થતી અમે નાનપણમાં સાંભળેલી તે વચ્ચે,—એટલો જ ફેર છે જેટલો દિવાસાની રાત અને કોજાગરી વચ્ચે.

એ રજૂઆતનો કીમિયો બૌદ્ધ જૈન સાહિત્યના ક્ષેત્રમાં આપણી વચ્ચે પહેલપ્રથમ કોસંબીજી, સુખલાલજી વગેરે મહાનુભાવોએ બતાવ્યો. મરહૂમ કોસંબીજીનું 'બુદ્ધલીલા સારસંગ્રહ' મરાઠીમાં પહેલવહેલું પ્રગટ થયું ત્યારથી બુદ્ધ અને બૌદ્ધ સંસ્કૃતિનો હું ભક્ત બન્યો. તેવો જ રોમાંચ પ્રજ્ઞાચક્ષુ પૂ. પંડિત સુખલાલજીની જૈનદર્શન વિચારણાદિની રજૂઆત પહેલવહેલી જોઈ ત્યારે મેં અનુભવ્યો. જાણે જૈનદર્શન જેવી કોઈક વસ્તુ છે એની પહેલી જ વાર મને ભાળ લાગી હોય.

[illegible] સંસ્કૃતિ પ્રત્યે તેવો જ [illegible] પરિચય વધતો ગયો તેમ સંસ્કૃતિ[illegible] પ્રત્યે મારામાં [illegible] ગઈ અને હિંદુસ્તાન[illegible]-

શંકરાચાર્યના વિચારમાં જે દોષ આવ્યો છે તે ભારતનાં ગૌરવ અને અભિમાનની ભારે ભાવના વિશુદ્ધિ થઈ. જૈન બૌદ્ધ, શીખ વગેરે આદિ વિચારધારાઓ [illegible] [illegible] ના માર્ગમાં પ્રગતિશીલ કોઈ પ્રકાર આચારમાં [illegible] વિચારકોની જ્ઞાનપ્રકાશસ્ફૂર્તિથી ફેલાયેલી એવી પણ એક જ [illegible] ભિન્નતાનાં [illegible] [illegible] જ અશ્ય હિંદુ સંસ્કૃતિના અભિમાનનો ભાગ બની છે. બૌદ્ધો જૈનોએ શંકરાચાર્યને જેવા ઈશ્વર શાને [illegible] ન [illegible] તે તેની માન્યતા-પ્રતિષ્ઠાને અભિમાન ન માની, અથવા તો ધર્મને નામે ધનધાન્યાદિની [illegible] [illegible] [illegible] નિર્ભય કર્યો, એટલા જ અપરાધ ખાતર બુદ્ધ ભગવાનને અને તેમની આખી સંસ્કૃતિક ચળવળને [illegible] ભગાડી દીધી, કે બીજા [illegible] સાથે ભારે અંતર [illegible] કરી લીધું; અને હિંદની [illegible] પ્રજા તે હિંદુઓના તમામ સંસ્કારોમાંથી એમને તેથી [illegible] [illegible] આદિ [illegible] પ્રત્યેના ભારે અભિમાનને [illegible] [illegible] પડ્યો. બુદ્ધિજનના એ [illegible] [illegible] ભાગે બન [illegible] બની ગયા. એક મિત્રને મેં લખ્યું:

"I yield to none in my admiration for Shankar and n paying my homage to that greatest intellectual giant known to mankind. But I may be pardoned if I venture o suggest that he lacked vision. He found no use for Buddha and his noble Eight-fold Path of Righteousness beyond hotly repudiating both and banishing them beyond India's borders.

"And 'where there is no vision people perish', as we very nearly did perish; or, worse still, eked out a humiliating existence as slaves with almost a total loss of manly virtues ever since Gazni's hordes started [illegible] after Shankar. I know there is a class of [illegible] that the loss of those

manly virtues was to be attributed precisely to the preceding centuries of Buddhist and Jain influence on India. It is an infamous calumny. No chapter of India's History has been more glorious than that of the Buddhist period under Ashok and others, when India accomplished a cultural conquest of the world, and the East became a synonym for Wisdom of Life and values everlasting.

"I readily admit that regeneratin and decay are the Law of life, — of all living organisms. But if Shankar found contemporary Buddhism steeped in processes ol decay, a man of his intellect and gifts should hav crusaded against prevailing practices, as did Gand against the curse of untouchability, and brought ab a complete reformation. He could have recast Bra nism and brought about a complete reorientat Hinduism by a process of assimilation and s as did modern masters, Vivekanand downwards. I have besides known that the retrograde Bra revival with which he sought to replace Bud equally subject to processes of corruption a could not survive for all time."

સ્થાપ્યાં ને અરવી દુનિયાને અંકિત કરી તે પર પોતાની નિર્મળ પ્રભા પાથરી. જૈન સંસ્કૃતિ જલાવતન* ન થઈ પણ એને અવકળા આવી ગઈ, અને હાર્યાલૂંટાયા જેવી થઈને મૂઢાવાંકે જીવતી રહી.

આમ હિંદુ સંસ્કૃતિના ટિલાયત અગ્રજોએ પોતાની માજણી બ્હેનોને દેશપાર કરી કે ગૂંગળાવી, એટલું જ નહિ પણ પોતાનાં લાખ-લાખ નાનેરાં બાળાભોળાં ભાંડરૂઓ સામે પણ ભોગળો ભીડીને તેમને માના સંસ્કૃતિમંદિરમાં પેસવા પૂજવા કે એના સ્તવનકીર્તનનો ઉચ્ચાર પણ કરવા સામે જાલીમ પ્રતિબંધો મેલી તેમને ભારવાહી પશુની હારમાં મૂક્યાં ને પોતાની જ જનેતાને નાકકાન કાપેલી શૂર્પણખા બનાવી. એવી વિકલ વિદ્રૂપ અવસ્થામાં દુનિયાના મોં આગળ મુમૂર્ષુ રહીને હિંદુસંસ્કૃતિ આટલા કાળ જીવી.

હું જાણું છું કે આ કડવાં વચન કાઢવા બદલ ઘણા વાચકોનો રોષ મારા ઉપર ઉતરશે; શ્રી. નાનાભાઈ જેવા મુરબ્બીઓ કોચવાશે. છતાં આ નિષ્ઠુર સત્ય ઉચ્ચારવાની ધૃષ્ટતા મેં એ દાવે કરી કે હું એજ કડવી તુંબડીનો વેલો, એજ સંસ્કૃતિની પેદાશ, એની સારપ તેમજ શરમનો વારસ ને એ જ માનું ફરજંદ છું. હેમ્લેટે એની જનેતાની ઉગ્ર નિર્ભર્ત્સના કરી. મારી મા એના જ પેટજણ્યા મારા પિતરાઈઓની કરેલી મારી આ નિર્ભર્ત્સના સામે 'कुपुत्रो जायेत क्वचिदपि कुमाता न भवति' વાળું આશ્વાસન લે તે સામે મને વાંધો નથી.

પણ આજે એ બધાં વસમાં વીતકોની રાત વીતી છે. સંસારની ઘટમાળમાં પતન અભ્યુદયનાં ડોલચાં નિરવધિ કાળની કૂપે ચક્રનેમિક્રમે ચાલ્યા પછી આજે પાછું ઉદયકાળનું આગમન થયું છે અને તે બધે નવજીવન વેરી રહ્યું છે. હજાર વર્ષના અસ્તઅંધાર પછી ફરી એકવાર હિંદ આત્મભાનની મજલે પહોંચ્યું છે. આજે જવાહરલાલજીથી માંડીને એકેએક હિંદી દેશમાં નવી હવા ને નવી તાજગી અનુભવી રહ્યો છે;

* દેશવટો પામેલું.

ગુજરાતની નવી જમાતના અગ્રેસર જૈન ધુરંધરોમાંના એક જાણીતા વિદ્વન્મણિ છે. જૂના જૈન સાહિત્યના ધૂળધોયા તરીકે એમની જીવન-ભરની નિષ્ઠા અને ભક્તિપરાયણતા જાણીતી છે. મહાવીર પ્રભુના જીવનમાંથી અને જૈનસાહિત્ય રત્નાગારમાંથી અણમૂલાં રત્નો ઢૂંઢી-વીણીને તે ઉપર ચડેલા કાળાંતરના મેલપોપડા ને ધૂળ ઝાપટી ખંખેરીને અને ભીતરનાં નંગ ધોઈ નિખારીને પ્રજાને ભેટ કરવાના વ્યવસાયને એમણે પોતાના જીવનનું મિશન બનાવ્યો છે.

જૈન વિદ્વાનોનો દાવો ઊંચો છે. છેલ્લાં સો વર્ષ દરમ્યાન આપણી ગુલામ પ્રજાને પાશ્ચાત્ય વિદ્વાનોમાંથી આપણા તત્ત્વજ્ઞાન, સંસ્કૃતિ અને જ્ઞાનગ્રન્થોના રડ્યાખડ્યા પ્રશંસકોનાં સર્ટિફિકેટો ટાંકવાની ને તે ઉપર આનંદસમાધિએ ચડી જવાની લત લાગી. જૈન વિદ્વાનો આથી અસ્પૃષ્ટ રહે એ અશક્ય હતું. પણ હવે એ મૂર્છા વળી રહી છે. પાછળ મેં ગણાવ્યા તે પૂ૦ પંડિત સુખલાલજી વગેરે મહાનુભાવોની પ્રેરણા અને આગેવાની હેઠળ જૈન પંડિતો અને વિદ્વાનો જૈન સાહિત્યને મથીમથીને તેમાંથી અમૃતસમાં નવનીત ઉતારી આજે પ્રજાને પીરસવા લાગ્યા છે એ આપણું ભાગ્ય છે. જેમ જેમ આપણે સ્વભાન ઉપર આવતા જઈશું, હજારો વર્ષની આપણી પ્રજાકીય કમાણીમાં જે જે કંઈ કીમતી ને શાશ્વત મૂલ્યનું છે તેને ઓળખતા જઈશું, જેમ જેમ સમર્થ સંપાદકો ને રજૂઆતના કીમિયાગરો આપણી વચ્ચે પેદા થશે, તેમ તેમ આપણને અવનવાં દર્શનો થતાં જશે અને જીવનસાધના, પરમતસહિષ્ણુતા તથા સર્વધર્મસમભાવમાં આપણે ઝડપભેર આગળ વધીશું. કારણ કે આપણા પ્રજાકીય અને સાંસ્કૃતિક હાડને એ વસ્તુ ભાવતી છે. માનવીમાત્રને સારુ એ નરવી ને તંદુરસ્તી બક્ષનારી છે.

એ દિશાએ આપણને અગાડી લઈ જવામાં પ્રસ્તુત ગ્રન્થ જેવાં રત્નો ધનની ખાણ સમાં છે. એનું વાંચન મનન ચિંતવન સૌ કોઈને મોટા ધર્મલાભ બક્ષશે અને એવી ખાણોનાં માટી-પથરા જોડે દિનરાત

આઠેકોથી ત્યારે પાનાના) ગ્રંથનું પ્રકાશન કરવામાં આવેલ અને ત્યારબાદ અંગ્રેજી (હિંદી) તેનો પ્રચાર કરવામાં આવેલ.

સર્વધર્મસમભાવી, સત્યના શોધક તત્ત્વજ્ઞાની અને પારમાર્થિક આર્યોના પરમ ઉપાસક શ્રીઆર્ય મુનિવર્ય આચાર્ય શ્રીહરિભદ્રસૂરિજીએ કેવળ મુમુક્ષુઓના હિતની દૃષ્ટિને લક્ષમાં રાખી એ ગ્રંથનું પ્રણયન કરેલું છે અને તદનુસાર જૈનોનાં અને જૈનેતર કોઈપણ ધર્મમાર્ગને અનુસરતા તમામ સાધકો માટે એ પુસ્તકનું શ્રવણ વાચન મનન ભારે હિતાવહ છે એમાં મને શક નથી. એ ગ્રંથ મૂળ સંસ્કૃતમાં છે એટલે મારા કલ્યાણમિત્ર ડૉ. ભાઈ ભગવાનદાસ મનસુખભાઈ મહેતા દ્વારા રચાયેલ ગુજરાતી વિવેચન સાથે એ ગ્રંથને પ્રગટ કરેલ છે, જેથી સંસ્કૃત નહીં જાણનારા જિજ્ઞાસુઓ પણ તેનો લાભ લઈ શકે.

આમ તો હું જૈનકુલમાં જન્મેલ છું પરંતુ વર્તમાન રૂઢ આચાર વિચાર કરતાં વાસ્તવિક જૈન આચાર અને જૈન તત્ત્વવિચાર સમજવાની વૃત્તિ મારા મનમાં ઘણા વખતથી જાગેલી એટલે તેને સંતોષવા સારુ નિર્મળ જૈનદર્શન અને જૈન-આચારને જાણવા સમજવા સારુ મારા પરમમિત્ર તથા નિકટના સગા બેચરદાસભાઈને મારી ઇચ્છા જણાવી. તેઓએ ઉનાળાની લાંબી રજામાં મારી સાથે રહી ઉક્ત અભ્યાસમાં સહાયક થવાનું કબૂલ્યું. મુંબઈનાં પ્રવૃત્તિ અને વાતાવરણ ઘણીવાર સ્થિરતાના બાધક છે એમ મારે સારુ મેં અનુભવ્યું છે, એટલે આ અભ્યાસ સારુ અમે અલમોડા જવાનો વિચાર ગોઠવ્યો.

બેચરદાસભાઇ, તેમનો નાનો પુત્ર ભાઇ શિરીષ, મારા પારસી મિત્ર ડો. કંટ્રાકટર અને હું એમ ચારે જણા મે મહિનાની શરૂઆતમાં અલમોડા જવાને રવાના થયા. ઋતુ ઉનાળાની હતી અને જે સ્થળ અમે પસંદ કરેલું તે ઠીકઠીક શીતળ હતું એટલે મારા વાચન મનનમાં ઘણી અનુકૂળતા રહી. થોડા દિવસ અલમોડા રહી અમે કૌસાની ગયા. અમે જાણતા હતા કે સ્વામી આનંદ કૌસાનીમાં રહે છે, એ જ આકર્ષણ કૌસાની જવા માટેનું મુખ્ય હતું. અલમોડા કરતાંય કૌસાની અમને ખુબજ ગમી ગયું. ત્યાંનું પ્રાકૃતિક સૌંદર્ય અને વરસાદથી થતું રમ્ય વાતાવરણ અમને અદૃષ્ટપૂર્વ લાગ્યું, એમાં સ્વામી આનંદનો પરિચય વળી વધારે ઉત્સાહપ્રેરક થયો. આ રીતે એકંદર જેટલું મેં વાંચવા ધારેલું તેટલું બરાબર પૂરું થઇ ગયું અને સ્વામી આનંદના દર્શન પરિચયનો લાભ વિશેષ નફા સમાન નિવડયો. અમદાવાદમાં જ્યારે પૂ૦ ગાંધીજીએ નવજીવન શરૂ કર્યું ત્યારે તેના પ્રધાન સંચાલક સ્વામી આનંદ પોતે જ હતા. ઉપરાંત ગાંધીજીની પ્રવૃત્તિના વિશિષ્ટ અંગરૂપ તો તેઓ આજ સુધી પણ છે. બેચરદાસભાઈ જ્યારે ગુજરાતવિદ્યાપીઠમાં સંશોધન–સંપાદનનું કામ કરતા હતા ત્યારથી તેઓ સ્વામીજીને પરોક્ષ રીતે તો ઓળખે અને કૌસાનીમાં તેમનો સાક્ષાત પરિચય થયો. આ પરિચય દીર્ઘકાલનો ન ગણાય છતાં અમે બધા સ્વામીજી તરફ ખુબ આકર્ષાયા અને તેમાં બેચરદાસભાઇ તો વિશેષ. બેચરદાસભાઇએ મને કહેલું કે સ્વામીજી તેમના ચિરપરિચિત છે એવું તેમને લાગ્યા જ કરે છે. સ્વામીજી તદ્દન નિરાડંબરી, સાદા અને સાધનાપરાયણ જીવન જીવનારા છે. તેઓ કદીક કદીક

ઝુંબશ આપી શકે કે જ્યારે તેમના પરિચયમાં આવ્યા તેમનું નથી બની જાય છે. જોસાનીમાં જ્યારે અમે તેમને મળ્યા ત્યારે તેમની વાતચિતમાં તેમનો વતનપ્રેમ, માનવપ્રેમ રાષ્ટ્રભાષાની ભક્તિ, સેવાવૃત્તિ અને આ બધાં ઉપરાંત અનાસક્ત ભાવ અમારુંજ પામી જઈએ એવો અમે તેમને મળીને પાછા ફરતા હતા તેવામાં ત્યાં વરસાદ પડવા લાગ્યો, તેમણે પોતાની છત્રી આપી એ તો ઠીક; પણ તેઓ અમારામાંના વયોવૃદ્ધ રોકડ઼ર કંન્ટ્રાક્ટરના વરસાદી ડગલા (ઓવરકોટ) નાં બટન પણ બીડવા લાગ્યા, તેમાં તો અમે તેમનાં માનવપ્રેમ અને સેવાવ્રતની પરાકાષ્ઠા જ દેખી, અમારાં ચિત્ત તેમનાં ચરણમાં નમી પડ્યાં અને ધન્ય સંન્યાસ ! ધન્ય સેવા ! ધન્ય જીવન !!! ઉદ્ગારો આપોઆપ સરી પડ્યા.. આમ થયેલા એમના આ અલ્પકાલિક પરિચયે પણ અમારા આ પ્રવાસને ધન્ય બનાવી દીધો.

મે મહિનાની આખરે અમે મુંબઈ પાછા ફર્યા ત્યારે બેચરદાસભાઈને મેં જણાવ્યું કે તમારું મહાવીર-વાણી પુસ્તક હિન્દીમાં છે તેનું ગુજરાતી કરી આપો તો મને સદ્ગત માતુશ્રીની સ્મૃતિ માટે તેને પ્રગટ કરવાની વૃત્તિ છે. હું જ્યારે ઘણો જ નાનો હતો ત્યારે મારાં માતા આ જગતમાંથી ચાલ્યાં ગયાં, તેમનું કોઈ ચિત્ર મારા ચિત્ત ઉપર નથી તેમ કાગળ ઉપર પણ નથી. પોતાથી થઈ શકે તેવું કોઈ કામ આવે તો ના પાડવાની વૃત્તિ જ બેચરદાસભાઈમાં નથી એટલે એમણે એ કામ કરી આપવાની હા જ પાડી દીધી, એટલું જ નહીં પણ તેમાં તુલનાત્મક અને વિવેચનાત્મક ટિપ્પણો કરવા

માટે ભારે પરિશ્રમ કરી પુસ્તકને તદ્દન નવો જ અવતાર આપ્યો. તે માટે હું તેમનો વિશેષ ક્યા શબ્દોમાં કેવો અને કેટલો આભાર માનું ? તે જ સૂઝતું નથી. એક તરફ અમારી મૈત્રી, અત્યંત આદરભાવ, તદ્દન નિકટની સગાઇ અને એક તરફ આ ઔપચારિક વિધિ એ બેનો મેળ ખાવો કઠણ છે. એટલે આભાર પાડ વિશે ન લખવું એ જ વધારે ઉચિત છે. હા, તેમણે મારા આ પ્રકાશનમાં પૂ૦ વિનોબાજીનું પુરોવચન અને સ્વામી આનંદની પ્રસ્તાવના મેળવ્યાં તે માટે હું તે ત્રણે મહાનુભાવોનો વિશેષ ઋણી છું એ તો મારે સ્વીકારવું જ રહ્યું.

સ્વામીજીએ પોતાની પ્રસ્તાવનામાં જૈન સમાજ વિશે જે કાંઇ લખ્યું છે તે પ્રત્યેક જૈન આચાર્યે અને જૈન સમાજના ઉપલા થર ઉપર રહેલા પ્રત્યેક આગેવાને અવશ્ય સમજવા વિચારવા અને મનન કરવા જેવું છે.

ભગવાન મહાવીરના નિર્વાણ પછી આજ સુધીના સમયમાં વખતોવખત જૈન શાસનને અને જૈન સમાજને જે જે આઘાતપ્રત્યાઘાતો સહેવા પડયા છે તે તો ઇતિહાસસિદ્ધ નક્કર હકીકત છે.

મને લાગે છે કે એ આઘાતપ્રત્યાઘાતોને લીધે જ જૈનશાસન અને જન સમાજનું ઉત્સાહના પૂરથી તરબોળ જે ક્રાંતિકારી માનસ હતું તે તડજોડ કરનારું થઇ ગયું હોય અને તે જ માનસના પ્રભાવે તેમની શૂરવૃત્તિ દબાઇ તેને સ્થાને વૈશ્યવૃત્તિ આવી ગઇ હોય. વૈશ્યવૃત્તિ અર્થપ્રધાન હોય છે અને અર્થપ્રધાનતા ઘણીવાર વ્યક્તિમાં અને સમાજમાં ભારે નમ-

ળાઇઓને પેદા કરે છે, એટલું જ નહીં પણ સમાજને તિ
મુડદાં બનાવી મુકે છે. સ્વામીજીએ આપણી આ નિસ્તે
વિશે જ ખાસ લક્ષ્ય ખેંચ્યું છે,

અર્થપ્રધાન વૃત્તિ સદાચાર સંયમની વિરોધી છે, વૃત્તિમાંથી જ આડંબરી ઉપલકિયો ધર્મ જન્મે છે વર્તમાનમાં વિશેષે કરીને પ્રચલિત છે અને તે વૃત્તિમાંથી અનીતિ, અપ્રામાણિકતા, અનાચાર વગેરે અનેક દુર્ગુણો પે થાય છે. એવો આપણો અર્થપ્રધાનતાનો દુર્ગુણ હજુ પણ ન દૂર કરી શકાય તો હમણાં તો આપણે મુવાંને વાંકે જીવી છીએ અને હવે પછી જે કપરો સમય આવનારો છે તેમાં આપણી હસ્તી હશે કે નહીં એ એક કોયડો લાગે છે. મારી અ કલ્પના ખોટી જ નિવડે એમ ઇચ્છું છું, તો પણ સ્વામીજીના વચનો અવશ્ય વિચારવા જેવાં છે અને તે માટે કંઇ સબળ ઉપાય પણ લેવાવો જોઇએ એમ મને લાગ્યા કરે છે

મારા પ્રત્યેના બેચરદાસભાઇના નિર્વ્યાજ સ્નેહ વિના આ પ્રકાશન ન જ બની શકત. મારાં પૂજ્ય સદ્‌ગત માતાજીની સ્મૃ માટે આ પુસ્તકને પ્રકાશિત કરી હું સવિશેષ ધન્ય થયો છું અમારી વચ્ચેનો આ સ્નેહ સંબંધ બેચરદાસભાઇ દ્વારા આ સુંદર બીજાં પ્રકાશનો પણ કરાવે એવી ઉમેદ રાખી આ મારું નિવેદન પૂરું કરું તે પહેલાં આ પુસ્તકના પ્રકાશન માટેની સુવ્યવસ્થા કરનારા ભાઈ ચંદુભાઈ ગુલાબચંદ મહેત (મારા કાકાના દીકરા અને નેશનલ વિમા કંપનીની અમદાવાદની બ્રાન્ચના મેનેજર) ના નામનો સસ્નેહ અને સાદર

ઉલ્લેખ કરવો જરૂરી છે, એમ સમજું છું અને આ પુસ્તકને છાપી આપનાર પ્રેસમાલિકના સૌજન્યને પણ યાદ કરું છું.

પર્યુપશમના પર્વ
કલ્પધર—શનીવાર
૨૭—૮—૫૪

મનસુખલાલ તારાચંદ
મહેતા

તા.ક. સ્વામી આનંદની પ્રસ્તાવના જન્માષ્ટમીને દિવસે આવી પહોંચી, તેઓએ તેનાં પ્રુફો કોસાની મંગાવ્યાં, જન્માષ્ટમીને દિવસે પ્રેસ બંધ અને રવિવારે પણ બંધ સ્વામીજી પાછા પોતાના સ્થાનેથી પ્રવાસે જવાના હતા એટલે તેમણે આ પ્રુફો તાબડતોબ મંગાવેલાં. એ કામને પહોંચી વળવા અમદાવાદ શારદામુદ્રણાલયના માલિકો ભાઈ શંભુલાલ જગશી તથા ભાઈ ગોવિંદલાલ જગશી એ બન્ને ભાઈઓએ અને ભાઈશ્રી બાલાભાઈ (જયભિકખુ) એ પણ મને જે સહાયતા કરી છે અને એક જ દિવસમાં આખું જ કંપોજ કરી, બે વાર સુધારી આપવાની તાત્કાલિક વ્યવસ્થા કરી આપી છે તે અર્થે તેમના પણ ખાસ આભારની નોંધ કર્યા વિના ચાલે એમ નથી જ.

દઃ મનસુખલાલ મહેતા

———o———

થઈ શકીએ છીએ, જેને પરિણામે વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર કે વિશ્વમાં શાંતિસ્થાપવામાં આપણે પણ નિમિત્તરૂપ બનીએ છીએ.

સર્વધર્મસમભાવની વૃત્તિનો આવો અદ્‌ભુત પ્રભાવ છે, એમ સમજીને જ આ આવૃત્તિમાં આપેલાં ટિપ્પણો બધાં એ દૃષ્ટિએ પ્રધાનપણે લખેલાં છે એટલે વિદ્યાર્થીઓ તથા બીજા પણ અભ્યાસીઓ એ તરફ વિશેષ લક્ષ્ય આપે એવી નમ્ર ભલામણ છે.

આભાર:

૧ તુલનાત્મક ટિપ્પણો આપતી વખતે બ્રાહ્મણધર્મનાં પવિત્રવચનોનો અને બૌદ્ધધર્મનાં પવિત્ર વચનોનો ઉપયોગ કરવાનો ખ્યાલ મનમાં આવેલો પરંતુ કરુણાથી ભરપૂર વન્દનીય શ્રી ઈસુખ્રીસ્તનાં અને પેગંબર મહમ્મદ સાહેબનાં વચનોનો ઉપયોગ કરવાનો ખ્યાલ તત્કાળ નહીં આવેલો, માનનીય પંડિત શ્રી સુખલાલજી સાથે આ તુલનાત્મક ટિપ્પણોની વાત કરતો હતો અને તેમને એ ટિપ્પણોનો નમૂનો સંભળાવતો હતો ત્યારે તેમણે તરત જ કહ્યું કે આની સાથે બાઇબલ અને કુરાનનાં વચનોને મુકીને સરખામણી કરો તો ઘણું વધારે સારું થશે. આ સૂચના મનમાં એકદમ સોંસરવી ઉતરી ગઈ અને તરત જ અહીંના માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલયમાં પહોંચ્યો, ત્યાંથી 'ઇસુખ્રીસ્ત અને તેમનો ઉપદેશ' એ નામનું તથા 'હજરત મહમ્મદ અને ઈસ્લામ' એ નામનું એમ બન્ને પુસ્તક લઇ આવ્યો. તે બન્નેને તત્કાળ વાંચી તેમાંથી મહાવીર-વાણીમાં આવેલાં વચનો સાથે અને ભાવ સાથે સરખાવવાં જેવાં વચનો વીણી કાઢયાં અને

તે તમામ વચનોનો અહીં યથાસ્થાન ઉપયોગ કરેલ છે. અહીં ગદાગલી સૂત્ર આપવા બદલ અહીં માનનીય પંડિત શ્રી સુખલાલજીના નામનું ઉપકાર સાથે સંકીર્તન કરવું એ મારી ખાસ ફરજ સમજું છું.

૨ ટિપ્પણીઓમાં અને મૂળમાં અહીં જે જે પુસ્તકોનો મેં ઉપયોગ કરેલ છે તે તમામ પુસ્તકોના સંપાદકોનો પ્રકાશકોનો અને પુસ્તક આપનાર ઉક્ત પુસ્તકાલયનો પણ વિશેષ આભાર માનું છું.

૩ ભારતવર્ષની પ્રજાની ગરીબીનું ભારે દુઃખ અનુભવતા જેમનામાં કરુણાનું પ્રેમનું અહિંસાવૃત્તિનું પૂર ઉભરાયું છે એવા વંદનીય વિનોબાજીએ પોતે અસાધારણ પ્રવૃત્તિના બોજા નીચે હમણાં હમણાં નિરંતર દબાયેલા રહે છે, આરોગ્ય પણ બરાબર નથી તેમ છતાં મારી નમ્ર વિનંતિને માન આપી જે પુરોવચન લખી મોકલાવેલ છે તે માટે તેમનો સવિશેષ ઋણી છું એમ કહેવું પૂરતું નથી છતાં તે માટે બીજા કયા શબ્દો લખવા એ જ સૂઝતું નથી.

૪ ગુજરાતથી ઘણે દૂર કૌસાની (જી. અલમોડા) જેવા તદ્દન એકાંતમાં આવેલા નાના ગામડામાં વસતા અને પોતાની ઉગ્ર સાધનામાં તથા કર્તવ્યનિષ્ઠામાં રહેતા સ્વામી આનંદે આ પુસ્તકની જે પ્રસ્તાવના લખી મોકલેલ છે તે અર્થે તેમનો પણ સવિશેષ આભાર માનવાનું ચૂકું તો નર્યો નાલાયક જ ગણાઉં.

વિશ્વવંદ્ય મહાત્મા ગાંધીજીના વારસાને મેળવી પોતાના જીવનમાં યથાર્થ ઉતારનારા એવા શ્રી ભાવેજી અને શ્રી સ્વામી

આનંદનો આ પ્રવૃત્તિમાં મને જે સહકાર મળ્યો છે તેથી મારી જાતને પણ હું ધન્ય ધન્ય માનું છું.

પૂજ્ય સ્વામી આનંદ સાથે પ્રસ્તાવના લખવા બાબત લાંબો પત્ર વ્યવહાર ચાલેલ તેમણે તો પોતાની જાતને 'ઢ' કહી આ કામ કરવાનો સાફ ઇન્કાર ફરમાવેલ પરંતુ મેં મારું લખાવવાનું પૂંછડું એવું મજબૂત પકડી રાખેલું જેથી તેમણે અકળાઈને પણ સ્વીકારવાની હા પાડી અને જે માનસિક તકલીફ કેવળ મારી મૂર્ખાઈને વશ થઈને વેઠી છે તે કદી ભુલાય તેવી નથી. મારું પૂંછડું ઢીલું મૂક્યું હોત તો પોતે સનાતની છતાંય જૈનધર્મ અને બૌદ્ધધર્મ પ્રતિ અને જૈન આગમ પ્રતિ નિષ્પક્ષ એવા તેમના મનમાં જે અસાધારણ સહાનુભૂતિ છે, તેમના જે અમૂલ્ય અનુભવો છે, તેમની એ નર્યું સત્ય સંભળાવી દેવાની નિર્ભય વૃત્તિ છે તે બધું તેમના ચિત્તમાં જ પડ્યું રહેત, અહીં અપ્રસ્તુત છે છતાં કહી દેવું જરૂરી છે કે બીજા મહાનુભાવો ય તેમને સતાવીને પણ તેમના અનુભવો શબ્દોમાં બહાર કઢાવે એવી મારી નમ્ર વિનંતી તથા ખાસ ભલામણ છે. અને પૂ૦ સ્વામી આનંદનો ફરી ફરીને અત્યંત સદ્ભાવ સાથે આભાર માનવાની જે તક મને સાંપડી છે તેથી વળી ધન્યતા અનુભવું છું.

મારી આ પ્રવૃત્તિમાં જેમણે જેમણે ભૂતકાળમાં સહકાર આપેલ છે તે તમામ સજ્જનો (ડા. ભગવાનદાસ કાશીવાળા, ભાઈ ગુલાબચંદ જૈન દિલ્હીવાળા, મુનિશ્રી અમરચંદજી ઉપાધ્યાય, મારા વિદ્યાર્થી ભાઈ શાંતિલાલ શેઠ, રિષભદાસજી

શંકા વર્ધાવાળા, ભાઈ માનમલજી જૈન ખીચનવાળા વગેરે)નું આભાર સાથે અહીં નામ સંકીર્તન કરું છું.

મારા આ કાર્યમાં સહાનુભૂતિ દાખવનાર અને તેમાં સક્રિય રસ લેનાર માનનીય મુનિશ્રી પુણ્યવિજયજી આગમ-પ્રભાકરનું નામ વિશેષ આદર અને શ્રદ્ધા સાથે અહીં યાદ કરું છું.

મહાવીર–વાણીનાં તમામ પદ્યોનું સંસ્કૃત રૂપાંતર આ પુસ્તકને છેડે આપેલ છે તેમાં કેટલાક પ્રયોગો છાંદસ છે તે તરફ વાચકોનું ધ્યાન ખેંચું છું.

૫ આ આવા પ્રકાશન માટે પ્રેરણા આપનાર અને તે માટે અર્થ વેરનાર ભાઈ મનસુખલાલ તારાચંદ મહેતા ખરેખર ધન્યવાદને પાત્ર છે. તેઓ મારા ખાસ સગા તો છે જ ઉપરાંત અસાધારણ સ્નેહી છે તથા મારી કેટલીક મુંઝવણો અને અગવડોને દૂર કરવામાં ભારે રસ લે છે એટલે 'એક સગા' સમજીને તેમનો આભાર ન માનું તો ભીંત ભુલ્યો જ ગણાઉં.

સંપાદક.

———o———

ણુંય છે, એ બાબત મહાવીરવાણીનાં ટિપ્પણોમાં તે તે સ્થળે પુસ્તકનો નામ પ્રકરણદ્વારા નિર્દેશ કરીને સ્પષ્ટ જણાવેલું છે) આ ઉપરાંત તે બન્ને મહાપુરુષોના ઉપદેશપ્રસંગોમાં જે કેટલીક ચર્ચાઓ આવે છે તેમાં ય ઘણી સમાનતા છે, ક્યાંય એ સમાનતા અર્થની અને શબ્દની એમ બન્ને દૃષ્ટિએ હોય છે અને ક્યાંય એ સમાનતા કેવળ અર્થની દૃષ્ટિએ હોય છે, ભલે વાકયરચના જુદા પ્રકારની હોય. જેમકે જૈન આગમોમાં રાયપસેણીય નામના સૂત્રમાં—ઉપાંગ સૂત્રમાં—રાજા પએસીની હકીકત આવે છે તેવી જ હકીકત બુદ્ધ પિટકોમાં દીઘનિકાયમાં પાયાસિસુત્તમાં આવે છે, તદુપરાંત સુત્તનિપાત, દીઘનિકાય વગેરે બુદ્ધસૂત્રોનાં ઘણાં ઘણાં વચનો સાથે જૈનસૂત્રો ઉત્તરાધ્યયન, સૂત્રકૃતાંગ અને આચારાંગ વગેરેનાં વચનો એક બીજાં ઘણાં જ મળતાં આવે છે. વળી, એ બન્ને મહાપુરુષો મગધમાં જન્મેલા છે, એ બન્નેની શાસ્ત્રભાષા માગધી અને અર્ધમાગધી; એ બન્ને ભાષા વચ્ચે પણ ઘણું ઘણું સામ્ય છે અને તેમનો ધર્મપ્રચાર પણ વિશેષે કરીને મગધમાં થયેલ છે તથા તેમનો સમય પણ લગભગ પાસે પાસે છે, આ બધાં કારણોને લીધે કોઈ ઉપલકિયો અભ્યાસી એવું માની બેસે કે બુદ્ધ અને મહાવીર જુદી જુદી વ્યક્તિ નથી અથવા તેમણે કહેલો ધર્મ કોઈ એક બીજામાંથી જન્મેલો છે, તો આ માન્યતા કાંઈ અસંભવિત નથી; પરંતુ જ્યારે તે બન્ને મહાપુરુષોનાં વચનોનો, શાસ્ત્રોનો અને તે બન્નેની પરંપરાનો ગંભીરતાપૂર્વક અભ્યાસ કરવામાં આવે, નર્યા શુદ્ધ ઇતિહાસની દૃષ્ટિએ તેમને તપાસવામાં આવે અને કશો પૂર્વગ્રહ રાખ્યા વિના તે બાબત વિચારવામાં આવે તો વસ્તુ-

તેમના વંશનું નામ નાત, નાય, નાથ (સંસ્કૃતમાં જ્ઞાત કે જ્ઞાતૃ. આ વંશ ઉપરથી મહાવીરનું નામ જ્ઞાતપુત્ર, નાથાન્વય, નાતપુત્ત (બૌદ્ધશાસ્ત્ર) પણ જાણીતું થયેલ છે)

તેમના ગોત્રનું નામ કાશ્યપ. (જ્યાં જ્યાં મહાવીરનું વર્ણન આવે છે ત્યાં તમામ સ્થળે ગોત્રનો નિર્દેશ કરેલો હોય છે. એટલું જ નહીં, તેમનાં પિતા, માતા, પત્ની એ તમામનાં ગોત્રનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. એથી એમના જમાનામાં ગોત્રનો નિર્દેશ કેટલો જરૂરી હતો એ સાફ જણાય છે)

માતાનું સુપ્રસિદ્ધ નામ ત્રિશલા. આ ઉપરાંત તેનાં બીજાં નામો પણ પ્રચલિત હતાં : વિદેહદિન્ના, પ્રિય-કારિણી. ત્રિશલાનું પીયર-પિતૃગૃહ-વિદેહ દેશમાં હતું એટલે જેણીને વિદેહ દેશે-જન્મ-દીધેલ છે માટે વિદેહ-દિન્ના-વિદેહદત્તા.

માતાના ગોત્રનું નામ વાસિષ્ઠ

મહાવીરના કાકાનું નામ સુપાસ (સુપાર્શ્વ વા સુપાશ વા સુપશ્ય)

મામાનું નામ ચેટક. એ વિશાલાના ગણતંત્રના-પ્રજાસત્તાક રાજ્યના આગેવાન હતા, કેવળ ન્યાયને ખાતર શ્રેણિક-બિંબિસાર-ભંભાસાર-ના પુત્ર કોણિક સાથે તેમને યુદ્ધમાં ઉતરવું પડેલું. તથા ચેટકની પુત્રી ચિલ્લણાદેવી રાજગૃહના રાજા મગધાધિપ શ્રેણિકની પત્ની થાય. ચેટકે હલકા વંશના શ્રેણિકને પોતાની

કોઈ માહિતી એટલે તેના પિતા માતાનાં નામ વગેરેની માહિતી સાંપડતી નથી. એક વાત મળે છે કે આ જમાલિ મહાવીર પાસે પ્રવ્રજિત થયેલ અને વખત જતાં તે મહાવીરનો પ્રતિસ્પર્ધી થયેલ. (ભગવતી સૂત્રના નવમા શતકના તેત્રીશમા ઉદ્દેશકમાં જમાલિ વિશે સવિસ્તર ઉલ્લેખ આવે છે.)

મહાવીરનું જન્મનામ–માતાપિતાએ ઠરાવેલ–જાહેર કરેલ નામ વદ્ધમાણ (વર્ધમાન)

આ ઉપરાંત જૈન પરંપરામાં તેમનાં બીજાં પણ નામો પ્રચલિત છે:

શ્રમણ–પોતાની ચિત્તશુદ્ધિ માટે અને તે દ્વારા સમસ્ત લોકના કલ્યાણને સારુ સતત શ્રમ કરનાર.

મહાવીર–ચિત્તશુદ્ધિની સાધના કરતાં આવી પડેલાં ગમે તેવાં ભયંકર વિઘ્નો, દુસ્સહ આપત્તિઓ વા પરીષહોને ધીરતાપૂર્વક સહન કરનાર વીર.

વિદેહ—વિદેહ દેશમાં જન્મેલી માતા ત્રિશલાના પુત્ર.

વિદેહદિન્ન–વિદેહ દેશે જન્મ આપેલો.

વિદેહજચ્ચ–વિદેહદેશના વતનીઓમાં ઉત્તમ.

વિદેહસૂમાલ–વિદેહ દેશના વતનીઓમાં વિશેષ સુકુમાલ.

વેસાલિઅ–વૈશાલિક–વિશાલા નગરીમાં જન્મેલા.

નાયાન્વય જ્ઞાતાન્વય	જ્ઞાત અન્વય–વંશ–હોવાથી. 'જ્ઞાત' ને બદલે પ્રાકૃતમાં 'નાત' ઉચ્ચારણ
જ્ઞાતપુત્ર જ્ઞાતનંદન	છે. 'નાય' અને 'નાત' એ બન્ને શબ્દો ઉચ્ચારણમાં ભિન્ન છે છતાં સમાનાર્થક છે.

૧૭ મહાવીર પોતે જાતે તેમનાં માતા પિતા ભાઈ વગેરે કુટુંબ પ્રત્યે અસાધારણ વત્સલ હતા. તેમને માટે એવું કહેવાય છે કે જ્યારે માતાના ગર્ભમાં હતા ત્યારે જ તેમણે એવો સંકલ્પ કરેલો કે માતાપિતા હયાત હોય ત્યાં સુધી માતાપિતાને આઘાત થાય એવી કોઈ પ્રવૃત્તિ સ્વીકારવી નહીં એટલું જ નહીં; તેઓ માતાપિતાના અવસાનબાદ પણ મોટાભાઇના કહેવાથી બે એક વર્ષ નિસ્પૃહભાવે પણ તેમની સાથે રહેલા. ગર્ભસ્થ કેટલાંક બાળકો ભારે ચિંતક-વિચાર-પ્રવણ હોય છે એ તો અભિમન્યુએ ગર્ભસ્થ રહીને પ્રાપ્ત કરેલા જ્ઞાન ઉપરથી સાબીત થાય છે. મહાવીર ગર્ભસ્થ હતા ત્યારથી જ ભારે ચિંતક હતા અને તેમની વૃત્તિમાં કોઇને પણ ન દુભાવાનો ભાવ ત્યારથી જ પ્રધાન પણે દૃઢ થયેલો હતો. જેનું પરિણામ તેમના જીવનમાં ઉત્તરોત્તર વધતું રહે છે. કહેવાય છે કે રમતાં રમતાં એક મોટો સર્પ જોવામાં આવતાં બીજા રમનારા ગોઠિયાઓને ભય કે ઇજા ન થાય માટે તેમણે સાહસ કરીને–જીવનું જોખમ વેઠીને–પણ તે સર્પને પકડીને દૂર ફેંકી દીધેલો. સર્પને મારવા સરખોય વિચાર તેમને નહીં થયો. કોઇપણ ઈજા કર-

सर्वपापनिवृत्तिर्यत् सर्वथैषा सतां मता ।
गुरूद्वेगकृतोऽत्यन्तं नेयं न्याय्योपपद्यते ॥६॥

प्रारम्भमङ्गलं ह्यस्या गुरुशुश्रूषणं परम् ।
एतौ धर्मप्रवृत्तानां नृणां पूजास्पदं महत् ॥७॥

स कृतज्ञः पुमान् लोके स धर्म-गुरुपूजकः ।
स शुद्धधर्मभाक् चैव य एतौ प्रतिपद्यते ॥८॥

(હરિભદ્રાષ્ટક પચ્ચીશમું.)

ભાવાર્થ—જો કે પુરુષ જે વ્યક્તિ તમામ પ્રકારનાં પાપોથી નિવૃત્ત થવા ઇચ્છે છે તે પ્રારંભમાં જ જો પોતાનાં વડીલ એવાં માતાપિતાને ઉદ્વેગ કરનારાં થાય તો તે વ્યક્તિમાં પાપનિવૃત્તિની વૃત્તિ માનવી એ ન્યાય રીતે ઘટતું નથી.

મંગલરૂપ પાપનિવૃત્તિની જે પ્રવૃત્તિ સ્વીકારવાની છે તેનું પ્રથમ મંગલ જ આ છે કે માતાપિતાની સેવા કરવી. જેઓ ધર્મ તરફ પ્રવૃત્ત થયેલા છે તેમને માટે માતાપિતા અવશ્ય પૂજનીય—આદરણીય છે એટલે ધર્મપ્રવૃત્ત વ્યક્તિ તેમને તરછોડી જ કેમ શકે?

તે જ મનુષ્ય કૃતજ્ઞ છે, ધર્મ અને ગુરુનો પૂજક છે અને તે જ મનુષ્ય શુદ્ધધર્મની આચરણા કરનાર છે જે પોતાનાં માતાપિતાની પ્રતિપત્તિ કરે છે—સેવા શુશ્રૂષા કરે છે—અને તેમને ઉદ્વેગ થાય એવું કશું જ નથી કરતો. (૬-૭-૮)

જે પોતે તીર્થંકર થવાના છે તેમણે પણ એ જ પ્રવૃત્તિ પ્રથમ સ્વીકારેલ છે તો આ કાળના આપણે પણ તેમને જ અનુસરવું ઘટે; પરંતુ તેમનો

કુલપરંપરામાં ચાલતી શ્રીપાર્શ્વનાથની ઉપાસના, શ્રીપાર્શ્વનાથનો તત્ત્વવિચાર, આચારયોજના એ પણ એમના ધ્યાનમાં જ હતાં. વળી, શ્રીપાર્શ્વનાથની શિષ્ય-પરંપરા અને તેમાં પેસી ગયેલાં શૈથિલ્ય, પરિગ્રહવૃત્તિ, સ્વચ્છંદ વગેરે પણ ઘણી જ સમીપતાથી તેમણે અનુભવેલાં.

૨૦ માતાપિતા તરફનો, કુટુંબ તરફનો અકારણ વત્સલભાવ કેળવાતાં અને કોઇને ઉદ્વેગ ન કરવાની બીજરૂપ વૃત્તિનો તેમના જીવનમાં વિશેષ વિકાસ થતાં જ્યારે એમણે અનુભવ્યું કે દેહસુખ, ઇંદ્રિયસુખ, અને વાસના-ઓને-વૃત્તિઓને-સંતોષવાનું સુખ બીજાની દુભામણી ઉપર જ શકય છે. બીજાં નાનાં પ્રાણીઓ કે મોટા પ્રાણીઓને દુભાવ્યા-વિના-સતાવ્યા વિના-તેમને દુ:ખી કર્યા વિના એ બાહ્ય સુખ શકય જ નથી ત્યારે તેમણે એ સુખનો સમૂળગો ત્યાગ કરી દેવાની તૈયારી કરી. તેમાં સૌથી પ્રથમ પ્રવૃત્તિ તેમણે એ કરી કે, જે સંપત્તિ તેમની પોતાની હતી તે તમામ લોકોને વહેંચી આપી.

૨૧ ભગવાને માતાના વિશેષ આગ્રહથી લગ્ન કરેલું અને તેમને પુત્રી થયેલી; આટલી હકીકત સિવાય તેમના ગૃહસંસાર વિશે કોઇ વૃત્તાંત આજે ઉપલબ્ધ નથી. મહાવીર પોતે ભારે ચિંતક હતા અને આજુબાજુની અને પોતાની સામેની તમામ પરિસ્થિતિને ગંભીર પણે વિચારવામાં ભારે વિચક્ષણ હતા. તેમની કોઇને

સમાન હક્કો ભોગવવાનો અનધિકાર અને શૂદ્રવર્ણ તો અત્યંત તિરસ્કારપાત્ર.—વર્તમાનમાં શ્રીમંત અને ગરીબની જે પરિસ્થિતિ છે તેને મળતી આવતી તેમના સમયના પુરોહિત અને અપુરોહિત સમાજની સ્થિતિ હતી. એમ કહેવામાં ય ન્યૂનોક્તિ કહેવાય.

—સ્મૃતિઓએ જેમનો ધર્મ આચાર કર્તવ્ય વગેરે નિયત રીતે વ્યવસ્થિત કરી આપેલાં તેવા ક્ષત્રિયો અને વૈશ્યોનું પોતપોતાની મર્યાદાનો ભંગ કરનારું વર્તન—સ્વચ્છંદ વર્તન અને આવું વર્તન છતાં તેમને પુરોહિતોનો સબળ ટેકો.

—તેમના સમયનાં પરિશ્રમજીવી લોકોની વિશેષ ઉપેક્ષા અને તેમને કરવામાં આવતો અન્યાય.

—રાજાઓની સ્વચ્છંદ પ્રવૃત્તિ, પ્રજાનિરપેક્ષ વર્તન, અન્યાયપ્રધાન રીતભાત અને અન્યાય માર્ગના અવલંબન ઉપર વૈભવવિલાસની પ્રચુરતા.

—નારીજાતિની અવહેલના, માનવમાત્રને મળતા તમામ હક્કો ભોગવવાનો તેમનો અનધિકાર. સ્ત્રીના અપહરણનું શૂરતાસૂચક મહત્ત્વ અને તે દ્વારા વીરવૃત્તિની પ્રતિષ્ઠા.

—કેવળ વૈભવ વિલાસપ્રિય અને લગભગ સ્વચ્છંદે ચાલનારા રાજામાં ઈશ્વરાંશ વા દેવાંશનું ધર્મદૃષ્ટિએ આરોપણ.

પણ તેના અભ્યાસનો અનધિકાર તેમ જ આલોચન પ્રત્યાલોચન કરવાનો પણ અનધિકાર.

બ્રાહ્મણ સિવાય ક્ષત્રિય વગેરે ત્રણ વર્ણોને સંન્યાસ લેવાનો અનધિકાર તેમ પોતાની જીવનશુદ્ધિ માટે સાધના કરવાનો-તપ કરવાનો પણ અનધિકાર.

એકંદરે મર્યાદિત વર્ણવ્યવસ્થા અને આશ્રમ વ્યવસ્થાનો સર્વથાભંગ અને તે દ્વારા માનવસમાજમાં પ્રવર્તેલી અન્યાયયુક્ત પરિસ્થિતિ. સંક્ષેપમાં એમ કહી શકાય કે જ્યારે આપણે ત્યાં અંગ્રેજોનું શાસન હતું ત્યારે જે પરિસ્થિતિ અંગ્રેજોની અને આમ-જનતાની હતી તે કરતાંય મહાવીરના સમયના આમ-જનસમાજની બદતર પરિસ્થિતિ હતી. અંગ્રેજોને સ્થાને પુરોહિતો હતા.

—આ ઉપરાંત જે ધર્મપરંપરામાં મહાવીર ઉછરેલા તે શ્રીપાર્શ્વનાથની પરંપરામાં પણ એવી જ અંધાધુંધી આચારહીનતા અને સ્વચ્છંદ પેસી ગએલાં.

(આ બધું સમજવા માટે મનુસ્મૃતિ વગેરે સ્મૃતિઓ, શતપથ વગેરે બ્રાહ્મણગ્રંથો, વૈખાનસ ગૃહ્યસૂત્ર વગેરે સૂત્રગ્રંથો તથા સૂત્રકૃતાંગ, ભગવતીસૂત્ર, આચારાંગસૂત્ર અને ઉત્તરાધ્યયનસૂત્ર વગેરે જૈન આગમ ગ્રંથોનું મનન આવશ્યક છે તથા મહાકવિ કાલીદાસ ભવભૂતિ વગેરે કવિઓએ રચેલાં કાવ્યો અને નાટકો તથા પુરાણગ્રંથોનો અભ્યાસ પણ ઉપયોગી છે.)

આપણે જેમને પ્રત્યક્ષ જોયા છે એવા લોકમાન્ય તિલક સમગ્રરાષ્ટ્રના કલ્યાણ માટે શા માટે ઝઝુમ્યા! મહાત્મા ગાંધીજી પોતાને ઉપલબ્ધ સુખસામગ્રીને તજી આમજનતાના શ્રેય માટે મૃત્યુને પણ ભેટવા શ માટે તત્પર થયા ? અને તદ્દન પ્રત્યક્ષ એવા શ્રી વિનોબાજી પણ પોતાના દેહનું ઇંદ્રિયોનું અને ખાનપાનનું ઉપલબ્ધ સુખ છોડી દઈને શા માટે સ્થળે સ્થળે ભટકતા ફરે છે ? ભૂતકાળના સંત મુનિજનોએ અને વર્તમાન કાળના પણ સંત મુનિજનોએ ભોગવિલાસોને તજી શા માટે મુનિપણું સ્વીકારેલું ? આ બધી બાબતોને ગંભીરપણે વિચારવામાં આવે અને શ્રી મહાવીર સ્વામીમાં નાનપણથી જ દઢ થએલી ચિંતનશીલતા, પરને લેશ પણ ન દુભાવવાની વૃત્તિ સ્વયં સહન કરવાની વૃત્તિ તથા પોતાના સમયની પરિસ્થિતિની પારખ; આ બધું ધ્યાનમાં લેતાં ભગવાન મહાવીરના મહાભિનિષ્ક્રમણનો કોયડો ઉકલી શ એવો છે.

—તેમના સમસમયી ક્ષત્રિયકુલભૂષણ શાક્યસિંહ સિદ્ધા ગૌતમે પણ એજ રીતે અને એજ ઉદ્દેશને ધ્યાન રાખીને મહાભિનિષ્ક્રમણ કરેલું એ તો પ્રતી હકીકત છે.

૨૨ શ્રી મહાવીરની પહેલાં પણ દેશમાં ત્યાગી તપસ્વીઓ પરંપરા ચાલી આવતી હતી, તદનુસાર મહાવીરે ત્રી વરસની ભરજુવાન વયે ત્યાગ માર્ગને સ્વીકાર્યો અ

કઠોર સાધના શરૂ કરી. બાર વરસ સુધી તેમની આ ઘોર સાધના ચાલી.

જે વખતે શ્રી વર્ધમાન મહાવીર રાજ્યસુખ, ભોગસુખ, કુટુંબસુખ વગેરે બધાં દુન્યવી સુખોને એક તણખલાની પેઠે તજી દઈ આધ્યાત્મિક સુખ, આધ્યાત્મિક શાંતિ અને આધ્યાત્મિક પૂર્ણ વિકાસની શોધમાં નીકળી પડયા તે વખતે તેમનાં સ્વભાવનું જે ચિત્ર દોરેલ છે તે આ પ્રમાણે છે:

શ્રમણ બનેલા શ્રી વર્ધમાન મહાવીર મન વચન અને કાયાને સારી રીતે પ્રવર્તાવનારા, મનગુપ્તિ વચનગુપ્તિ અને કાયગુપ્તિ સાચવનારા, જિતેંદ્રિય, સર્વથા નિર્દોષપણે બ્રહ્મચર્ય વિહારે વિહરનારા, ક્રોધ અહંકાર છળકપટ અને લોભ વગરના, શાંત, ઉપશાંત, અપરિગ્રહી, અકિંચન, જેમની પાસે ગાંઠવાળીને સાચવી કે સંઘરી રાખવા જેવું કશું જ ન હતું એવા છિન્નગ્રંથ-નિર્ગ્રંથ, કાંસાના વાસણની જેમ કોઈ પ્રકારનો લેપ ન ચોંટે એવા, શંખની જેમ કોઈ પ્રકારનો રાગદ્વેષનો રંગ ન ચડે એવા, આકાશની જેમ પોતા ઉપર જ પ્રતિષ્ઠિત-બીજાના આધારની અપેક્ષા વિનાના, વાયુની પેઠે સ્વતંત્રપણે વિહરનારા અર્થાત એક જ સ્થળે બંધાઈને બેસી ન રહેનારા, શરદઋતુના પાણીની જેવા નિર્મળ, કમળની જેવા અલિપ્ત, કાચબાની જેવા ગુપ્તેંદ્રિય, વરાહના મુખ ઉપરના શિંગડાની જેવા એકાકી– સામે પૂરે ચાલનારા

[illegible], [illegible] પેઠે [illegible], [illegible]ની પેઠે [illegible] [illegible] [illegible] કુંજરની પેઠે પરાક્રમી, [illegible]ંડની [illegible] [illegible] ન [illegible] એવા, મેરુની પેઠે અકંપ-નિશ્ચ ળ, સાગરની પેઠે ગંભીર, ચંદ્રની પેઠે શીતળ, સૂર્ય પેઠે તેજથી ઝળહળતા, સોનાની પેઠે [illegible] કાંતિવાળા, [illegible] એવા અગ્નિની [illegible] અને સર્વસહ પૃથ્વીની પેઠે તમામ પરિસ્થિતિઓને સહનારા સર્વંસહ એવા હતા પ્રવ્રજ્યા લીધા પછીથી વર્ધમાન મહાવીરે અંગને ઢાંકવા સ કપડાના કટકાનો પણ ઉપયોગ [illegible] નહીં કરેલો અચેલક રહેલા-ગમે તેવી ટાઢ પડો વા ગમે તે તાપ પડો તો પણ ભગવાને કોઇ પણ સંયોગોમ ટાઢ કે તાપના નિવારણ માટે કપડાના લીરા સ ખાનો ય ઉપયોગ નથી કર્યો તે નથી જ કર્યો તે બીજા કોઇપણ સાધનોનો-આગનો વા છત્ર વગેરે પણ ઉપયોગ નથી કર્યો. ગામમાં ભગવાન એક ર રહેતા અને નગરમાં પાંચ રાતથી વધુ નહીં રહેત કોઇ વાંસલો મારે વા કોઇ ચંદન ચોપડે તે બ પરિસ્થિતિમાં ભગવાન સમદશામાં જ વર્તતા, તણ મણિ ઢેપું કે સોનું તે તમામ પદાર્થોમાં એક સર પરીક્ષણ વૃત્તિવાળા ભગવાન હતા અને જીવન મરણ બન્ને તરફ સમાન ભાવે જોનારા હતા-સર્વ સામદર્શી હતા.

૨૩ સાધનાને પરિણામે વર્તમાન જસુઈ (પ્રાચીન જૃંભિ

જંભિયા-) ગામ પાસે ઋજુવાલુકા નદીને કાંઠે વેયાવત્ત નામના ચૈત્યની પાસે સામાગ નામના ગૃહપતિના ખેતરમાં શાલવૃક્ષની નીચે ગોદોહ આસને ધ્યાનમાં બેઠેલા મહાવીરને પ્રવ્રજ્યા સ્વીકાર્યા પછી તેરમું વરસ ચાલતું હતું ત્યારે ઉનાળાની ઋતુમાં વૈશાખ શુ૦ દિ૦ દશમને દિવસે જે વખતે છાયા પશ્ચિમ તરફ ઢળતી હતી તે વખતે વિજયમુહૂર્તમાં અને હસ્તોત્તર નક્ષત્રનો એટલે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો યોગ થયે સર્વથા નિરાવરણ એવું આત્મજ્ઞાન-કેવળ-જ્ઞાન પ્રગટયું હતું.

જ્યારે બાર વરસની સાધનાને પરિણામે ભગવાન બેંતાલીશ વરસની વયે બુદ્ધ થવાની-કેવળી થવાની-અણી ઉપર આવી પહોંચ્યા હતા ત્યારે તેમની મનોદશા આ પ્રમાણે હતી:

તે વખતે ભગવાનનો સંયમ અનોપમ હતો, તપ અનોપમ, આત્મબળ-આંતર વીર્ય અનોપમ, તેમની સરળતા પરાકાષ્ઠાએ પહોંચેલી, નમ્રતા, ક્ષમા, અપરિગ્રહવૃત્તિ, અલોભભાવ, પ્રસાદભાવ-આત્મપ્રસન્નતા, સત્યનો આગ્રહ, સમ્યગ્ દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ બધા ગુણો ભગવાનમાં પરાકાષ્ઠાએ પહોંચેલા હતા.

હવે તેઓ વીતરાગ, વીતદ્વેષ, જિતેંદ્રિય અને સર્વપ્રકારે સમદર્શીની ભૂમિકા ઉપર પહોંચી ગયા. આમ તેમણે દેહ અને આત્માના પૃથગ્ભાવને પોતે જાતે અનુભવ્યો

અને કેવળ આત્મલીનતા પ્રાપ્ત કરી લીધી: તેમનું જ્ઞાન નિરાવરણ થયું.

૨૫ મહાવીર સ્થિતપ્રજ્ઞ કેવળી વીતરાગ થયા પછી તેઓ પોતાનું સ્વતંત્ર ધર્મચક્ર ફેલાવવા મગધમાં અને તેની આસપાસના પ્રદેશોમાં ભ્રમણ કરવા લાગ્યા. ધર્મચક્રના પ્રવર્તન દ્વારા તેઓ પ્રધાનતઃ અહિંસા અને એ અહિંસામાંથી જ ઉદ્ભવતા બીજા માનવ હકકોનો પ્રચાર કરવા લાગ્યા. અત્યાર સુધી ધર્મને નામે તદ્દન તરછોડાયેલા અને સર્વ સાધારણ માનવ હકક વિનાના તમામ વર્ણોને તેમણે ભારે સહાનુભૂતિ સાથે અપનાવ્યા, ધાર્મિક કર્મકાંડમાં ચાલતી કોઈ પણ જાતની હિંસા સામે તેમણે પડકાર કર્યો, સાચો યજ્ઞ, સાચું શ્રાદ્ધ, સાચું સ્નાન અને સાચા બ્રાહ્મણનું સ્વરૂપ લોકોને સમજાવ્યું, લોકભાષાને પોતાના પ્રવચનનું માધ્યમ બનાવ્યું. સ્ત્રીઓને અને શૂદ્રોને માટે સુદ્ધાં આત્મસાધનનો અધિકાર સ્થાપિત કર્યો.

૨૬ જ્યારે વર્ધમાન મહાવીર કેવલી થયા ત્યારે સૌ પ્રથમ ક્રિયાપ્રધાન યજ્ઞો કરનારા તે સમયના સમ લબ્ધપ્રતિષ્ઠ બ્રાહ્મણોને પોતાનો આધ્યાત્મિક અનુભ સાધનાનો ક્રમ અને યજ્ઞીય ક્રિયાની વ્યર્થતા સ જાવવા તેઓ જંભકથી (વર્તમાન જમુઈ ગા અને પ્રાચીન જંભિયા ગામ સંભવ છે કે એક હોય), આશરે ૩૦-૪૦ કોશ દૂર આવેલી પુ [illegible] [illegible] સલીલ પહોંચી ગયા

પુરીના મહસેન વનમાં જઇને તેઓએ પોતાનાં એ જાતનાં પ્રવચનો પહેલવહેલાં આરંભ્યાં, એટલે ભગવાન મહાવીરનું પ્રથમ પ્રવચન પુરીમાં થયું હતું. ("मध्यमापापापुरीमहासेनवनगतो, जिनो महावीरः" સ્થાનાંગટીકા પૃ૦ ૭) એને પરિણામે ગૌતમ ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, અને વાયુભૂતિ વગેરે હજારો બ્રાહ્મણ બંધુઓ જ સૌથી પ્રથમ તેમના તીર્થના અને ધર્મચક્ર પ્રવર્તનના પ્રમુખ આગેવાન બન્યાં. આમ તેમણે બ્રાહ્મણવર્ણમાં જ સૌથી પ્રથમ પોતાના ધર્મ-ચક્રની શરૂઆત કરેલી. આ ઉપરાંત શ્રી પાર્શ્વનાથની સવસ્ત્ર પરંપરાનાં પાર્શ્વાપત્યો-પાર્શ્વસ્થોની સાથે પણ સમન્વયની દૃષ્ટિને મુખ્ય રાખીને તેમને પણ પોતાના અચેલક સંઘમાં રહીને સાધના કરવાની વ્યવસ્થા કરી આપી. અત્યાર સુધી પાર્શ્વનાથની પરંપરામાં બ્રહ્મચર્ય મુખ્ય વ્રત ન હતું પણ પેટાવ્રત હતું તેને ખાસ જુદું મુખ્ય વ્રત સ્વીકારી તેમણે પાર્શ્વનાથની પરંપરામાં ચાલતો અનાચારપ્રધાન સ્વચ્છંદ સદંતર બંધ કરાવી દીધો અને પોતાની પરંપરાને પણ ઘોર સાધના કરવા તરફ વાળી દીધી. સંયમધર્મ ખાંડાની ધારપર ચાલવા જેવો દુષ્કર છે, વેળુના કોળિયા ભરવા જેવો નીરસ છે માટે જેમનામાં ભોગો તરફ તીવ્ર અણગમો આવેલો હોય તેઓને જ સંયમના અધિકારી માની તેમને માટે કોઈ જાતના ભેદભાવ વિના સંયમમાર્ગ વહેતો કર્યો. ગુલામ તરીકે વેચાએલી એક ઉત્તમ નારીને તેમણે તે વખતના શ્રમણીસંઘની મુખ્ય પ્રવર્તિકા

તે સમયની જ જૂની બાબત ...
તાપસોની સંખ્યા ઘણી તે પણ મહાવીર વર્ધમાન
ભગવાનો તરફ આકર્ષાઈ અને તેમાંના અનેક તા
પણ શ્રીમહાવીરના ત્યાગમાર્ગને અનુસર્યા. ત
વિચારમાં તેઓએ રંગાયા સમન્વય દૃષ્ટિથી જ પ્રશ્ન
કરેલા: જ્યાં જ્યાં તાપસ સાથેના સંવાદો આવે
ત્યાં તેઓ આ જગત કોણે બનાવ્યું છે? ક્યા
ચાલ્યું આવે છે? તેની આદિ છે? અંત છે? વ
ચર્ચા કરતા જણાય છે. તેમને મહાવીરે સ્પષ્ટ શબ્દે
કહ્યું કે દ્રવ્યાર્થિક દૃષ્ટિએ જોઈએ તો આ જ
અનાદિ છે, કોઈએ પણ કર્યું નથી–પ્રવાહથી ચ
આવે છે અને પર્યાયાર્થિક દૃષ્ટિથી જોઈએ તો
જગત ક્ષણે ક્ષણે બદલાયા કરે છે–પરિવર્તનો
કરે છે અર્થાત્ પ્રવાહની અપેક્ષાએ વિચારીએ
જગતનો આ પ્રવાહ અનાદિ અનંત છે અને
વ્યક્તિની અપેક્ષાએ વિચારીએ તો તે આદિ
છે અને અંતવાળું છે. આમ તેમણે તત્ત્વવિચાર
સાપેક્ષવાદને મુખ્ય સ્થાને રાખેલ છે જેથી ભિન્ન
વિચારસરણીઓમાં ભિન્ન ભિન્ન તત્ત્વવિચ
ક્યારેય સંઘર્ષ પેદા ન થઈ શકે. બાહ્ય સા

પણ તેમણે એ દૃષ્ટિએ જ પ્રવચનો કરેલાં છે અને એથી જ તેઓ શ્રીપાર્શ્વનાથની સચેલક પરંપરા સાથે પોતાની અચેલક પરંપરાની બરાબર સંગતિ કરી શક્યા છે. બાહ્યશૌચ અને આંતરશૌચ એ બેમાં તેમણે આંતરશૌચને પ્રધાન સ્થાન આપી તેના ઉપર વધારે વજન મૂકયું છે, પણ બાહ્યશૌચનો સદંતર નિષેધ જ કર્યો છે એમ નથી. તેમના જમાનામાં લોકો અમુક અમુક દિશાઓને પૂજ્યપાત્ર માનતા હતા અને આજે પણ એ રિવાજ ચાલુ છે તે બાબત તેમણે પોતાના પ્રવચનોમાં કહ્યું છે કે દિશાઓ તો માત્ર આકાશરૂપ–ગગનરૂપ છે. એમને પૂજ્યપાત્ર માનવાનો કશો અર્થ નથી; પરંતુ અંતર્મુખ થઇને પોતામાં ગુણો વિકસાવવા એ પ્રધાનવસ્તુ છે પછી પૂર્વ દિશામાં બેસો કે ઉત્તર દિશામાં બેસો તેનું ખાસ મહત્ત્વ નથી.

ભગવાન મહાવીરે જોયું કે તેમના પોતાના જમાનામાં ઘણા લોકો એમ કહેનારા હતા કે રણસંગ્રામમાં મરનારા લોકો સ્વર્ગમાં જાય છે. એક તો સ્વર્ગનું પ્રલોભન અને એવું પ્રલોભન આપનારા વળી વિશ્વાસપાત્ર સજ્જનો છે એમ સમજી ઘણા લોકો રણસંગ્રામમાં જવા ઉત્સુક રહેતા અને એ રીતે ઘોર હિંસામય ક્રૂરતા ભર્યા સંગ્રામ માટે લોકોને લલચાવાતા. મૃત્યુ કોઇને પણ રુચતું નથી અને રણસંગ્રામમાંથી જીવતા પાછા ફરવાનું પ્રાયઃ અશક્ય છે એટલે મૃત્યુની ભેટ આપનારા રણસંગ્રામમાં લોકો

"हतो वा प्राप्स्यसि स्वर्गम्" —इत्यादि

આ વિચાર સામે ભગવાન મહાવીરે સાફ સ્પ
શબ્દોમાં નિર્ભયપણે ઘોષણા કરી કે "સંગ્રામમાં મૃત્યું
ભેટનારો સ્વર્ગે જાય છે, રણસંગ્રામમાં મૃત્યુને ભે
નારને અપ્સરાઓ વરમાળા આરોપે છે અને
સ્વર્ગનાં અનુપમ સુખોને ભોગવે છે." એમ જે ધ
લોકો વાત કરે છે તે મિથ્યા છે—ખોટી છે. કેવળ ક્રૂ
વૃત્તિનું જ્યાં પ્રધાનપણું હોય ત્યાં સ્વર્ગપ્રાપ્તિ
સંભવ જ નથી. સ્વર્ગપ્રાપ્તિનાં સાધનો તો દ
પરોપકાર, થોડાઘણો સંયમ, ત્યાગ અને સદાચાર
અને ક્રૂરતા, બીજાના પ્રાણોનો નાશ, અસંય
અસદાચાર, તીવ્ર કષાયભાવ તથા નર્યો અત્યાગવ
એ બધાં તો નરકનાં કારણો છે. માટે જે કોઈ લોકો

પછી સ્વર્ગનું પ્રલોભન સમજી યુદ્ધમાં જશે તો તેમને સ્વર્ગ મળવાનો કદી પણ સંભવ નથી અને એ પ્રલોભનની વાત કહેનારા મિથ્યાભાષી છે. આ બધી હકીકત ભગવાને ભગવતીસૂત્રના સાતમા શતકના નવમા ઉદ્દેશકમાં તથા નિરયાવલીસૂત્રમાં પણ જણાવેલી છે.

આજકાલ સૂર્યગ્રહણ કે ચંદ્રગ્રહણ પ્રસંગે જે મોટી ધમાલ ચાલે છે અને સૂર્ય વા ચંદ્ર રાહુનો સ્પર્શ થતાં અભડાઇ જાય છે, રાહુ એક ચાંડાળ છે, આવી માન્યતા આપણા દેશમાં વિજ્ઞાનના આ યુગમાં ય જોરદાર રીતે પ્રચલિત છે તેમ તેમના જમાનામાં પણ એજ ધમાલ અને ધાંધલ પ્રવર્તતાં હતાં, તે બાબત પોતાના સમયમાં ભૂગોળખગોળ વિશે જે માન્યતાઓ પ્રચલિત હતી તેમને લક્ષ્યમાં રાખીને તેમણે પોતાના પ્રવચનમાં કહ્યું છે કે રાહુ કોઈ ચાંડાળ નથી વા પાપી નથી. એ તો ગતિમાન એક ગ્રહ છે, જે સંયોગવશાત સૂર્યની આડે અથવા ચંદ્રની આડે આવી જાય છે, તેથી થોડા વખત સૂર્ય કે ચંદ્ર ઢંકાઇ જાય છે. એ માટે આવા ધાંધલની જરા પણ જરૂર નથી. ગ્રહણ વિશે તેમનું આ પ્રવચન વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ–ભગવતી–સૂત્રમાં (શતક ૧૨, ઉદ્દેશક ૬) પ્રશ્નોત્તરરૂપે સચવાયેલ છે.

કેવળ જાતિને લીધે પ્રચલિત થયેલી ઉચ્ચ-નીચની ભાવનાનો તેમણે સર્વથા ઇન્કાર કરેલ છે

અને ગુણો ઉપર જ તે ભાવનાને સ્થાપિત કરી તદનુસારે જ તેમણે મનુષ્યની પ્રતિષ્ઠા અને અપ્રતિષ્ઠ આંકવાની સ્પષ્ટ સમજુતી આપેલ છે અને તે હકીકતને જ વધુ સ્પષ્ટ કરવા તેમણે ઉત્તરાધ્યયન સૂત્રમાં બ્રાહ્મણના ખરા સ્વરૂપ વિશે સવિસ્તર એક ખાસું પ્રવચન આપેલ છે (અધ્યયન ૨૫) અને જાતિમદ, જ્ઞાનમદ, રૂપમદ વગેરે વિવિધ મદોને આત્મવિકાસના વિરોધી ગણાવી તેમનો સદંતર ત્યાગ કરવાનું ફરમાવેલ છે. એમતા ગુણપ્રતિષ્ઠાના જ ધોરણને માન્ય રાખીને જૈન પરંપરામાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એવા મનુષ્યના ભેદની કલ્પનાને સ્થાન નથી અપાયું પરંતુ આર્ય અને અનાર્ય એ રીતે મનુષ્યના બે ભેદ સમજાવવામાં આવેલ છે અને આર્યમાં કર્મ–આર્ય, શિલ્પ–આર્ય, કુલ–આર્ય જાતિ–આર્ય એવા ભેદો સમજાવી તેમાં તમામ જાતના લોકોની આર્યતાને સ્વીકારેલી છે. (જુઓ પન્નવણાસૂત્ર પ્રથમપદ) શાસ્ત્રમાં આ ચર્ચા ઠેઠ દસમા સૈકા સુધીના ગ્રંથોમાં ચર્ચાયેલ છે. જુઓ સન્મતિતર્ક પ્રકરણની ટીકા પૃ૦ ૧૯૭. ત્યારે એ ખબર નથી પડતી કે વ્યવહારમાં જૈન પરંપરામાં નાત જાતના ભેદોને લીધે પ્રતિષ્ઠા–અપ્રતિષ્ઠાના ખ્યાલો અને છૂતાછૂતના ખ્યાલો શા માટે પ્રચલિત છે ? સંભવ છે કે પાડોશમાં રહેનારી અને જાતિવાદમાં માનનારી બ્રાહ્મણ પ્રજાની આ અસર હોય.

આત્મશુદ્ધિ અને તેનાં સાધન અહિંસા, સંયમ તથા તપ માટે તેમનો પ્રધાન આગ્રહ છે, પ્રધાન ઉદ્દેશ છે,

આગમ પ્રમાણ આપેલ છે ત્યારે જ તેમના પ્રવચનના ગ્રંથોમાં 'આણાપ્રમાણ' શબ્દ એક સાથે વારંવાર આવ્યા કરે છે વર્તમાનમાં બોલચાલમાં તેને બદલે 'સરનામાણ' એવું શબ્દ જોડું પ્રચલિત છે.

૩૦ જ્યારે તેમણે છેલ્લું ચોમાસું મધ્યમા પાવાગામમાં કર્યું ત્યારે તે તેમનું બરાબર છેલ્લું ચોમાસું જ નિવડ્યું

તેઓ પ્રવચન કરતાં કરતાં પાવા નગરીમાં વર્ષાઋતુના કાર્તિક માસની પંદરમી તિથિએ એટ અમાવાસ્યાએ રાતને વખતે નિર્વાણ પામ્યા એટ દેહી મટી વિદેહી થયા. તે વખતે સ્વાતિ નક્ષત્ર હ

૩૧ તેમના છેલ્લા પ્રવચન વખતે કાશીદેશપતિ મલ્લવં ગણતંત્રી નવ રાજાઓ અને કોશલદેશપતિ લિચ્છવી વંશ ગણતંત્રી નવ રાજાઓ એમ અઢાર રાજાઓ ત્યાં પાવા તેમની ઉપાસના માટે હાજર હતા અને પાવાનો ત તેની આસપાસનો પણ મોટો જનસમૂહ પણ તે સ ત્યાં આવેલો હતો. વર્તમાનમાં બિહાર પાસે જે પાવા નામે પ્રસિદ્ધ ગામ છે તે તેમનું નિર્વાણસ્થાન મા વામાં આવે છે. કાર્તિક વ૦દિ૦ અમાવાસ્યાએ ત્યા આજે પણ એક મોટો મેળો ભરાય છે. પાવાપુરીમાં આજે પણ તેમના પ્રવચનની જગ્યા બતાવવામાં આવે છે અને જ્યાં આજે જલમંદિર છે તે તેમના અગ્નિસંસ્કારનું સ્થળ છે એમ કહેવામાં આવે છે.

અહીં એ વાત યાદ રાખવાની છે કે પુરી અને પાવા એ બે ગામ જુદાં જુદાં છે પણ પાસેપાસે

આત્મા વગેરે બધું નિત્ય છે અને કાર્યની અપેક્ષાએ વા માયાની વા ઉપાધિની અપેક્ષાએ જગત આત્મા વગેરે બધું અનિત્ય છે. એ જ રીતે આત્મા એક છે, અનેક છે, કર્તા છે, અકર્તા છે, વ્યાપક છે, અવ્યાપક છે તથા જગત કાર્ય છે વા જગત કાર્ય નથી વગેરે એ બધા વિચારો પણ જુદી જુદી રીતે વિચારવાની દૃષ્ટિને લીધે ઉત્પન્ન થયેલા છે અને એ પ્રત્યેક વિચાર અંશતઃ સાચા ય છે. જ્યારે એ બધા આંશિક સત્ય વિચારોને ભેળા કરીએ અને તે દ્વારા જે જ્ઞાન થાય વા જે અનુભવ થાય તે જગતના અને આત્મા વગેરેના સ્વરૂપ વિશે વિશેષ પ્રકાશ નાખે એવો હોય છે. આ જોતાં ઘડીભર આપણને એમ પણ થઇ આવે કે આ રીતે તો જગત, આત્મા અને ઈશ્વર વગેરે તત્ત્વો અનિર્વચનીય છે, શબ્દથી કહી શકાય એવાં નથી માટે એ તત્ત્વોના એક જ અંશ વિશે કોઇ ચર્ચા કે વાદવિવાદ કરવો ઉચિત છે ખરો ? આ પરિસ્થિતિને ખ્યાલમાં લઇને પ્રાચીન વેદ ઉપનિષદ વગેરે શાસ્ત્રોએ રૂપાતીત આત્મા ઈશ્વર વગેરે બાબત તન્ન તન્ન એમ જ કહ્યા કર્યું છે અને જૈન શાસ્ત્રો પણ એ શ્રુતિવાક્યને અનુસરીને કહેતાં આવ્યાં છે કે सव्वे सरा णियट्टंति, तक्का जत्थ न विज्जति। मति तत्थ न गाहिता (આચારાંગસૂત્ર અધ્યયન પાંચમું, ઉદ્દેશક છઠ્ઠો) અર્થાત્ જ્યાંથી તમામ સ્વરો—શબ્દો પાછા ફરે છે, જ્યાં કોઈ તર્ક પહોંચી શકતો નથી અને જ્યાં બુદ્ધિ પણ પ્રવેશ કરી શકતી નથી એવું પરંજ્યોતિમય આત્મપદ છે. આમ છે માટે જ મહાવીરે તત્ત્વવિચારણામાં સર્વત્ર દૃષ્ટિભેદને અવલંબીને ઉપદેશ આપેલ છે. તેઓ કહે છે કે દ્રવ્યદૃષ્ટિએ આત્મા જગત બધું ય નિત્ય છે અને પર્યાય-

सेयंबरो य आसंबरो य बुद्धो वा तह अन्नो वा ।
समभावभाविअप्पा लहइ मुक्खं न संदेहो ॥

(આચાર્ય હરિભદ્ર)

અર્થાત કોઈ શ્વેતાંબર સંપ્રદાયનો હોય, વા કોઈ આશાંબર-દિગંબર-સંપ્રદાયનો હોય, વા કોઈ બૌદ્ધ સંપ્રદાયનો હોય, વા વળી કોઈ બીજા સંપ્રદાયનો હોય છતાં જે તે જુદા જુદા સંપ્રદાયવાળા તમામ લોકો સમભાવથી ભાવિત વૃત્તિવાળા હોય-વીતરાગ ભાવને પામેલા હોય તો અવશ્ય મોક્ષને પામે છે એમાં સંદેહ નથી.

ण वि किंचि अणुण्णायं पडिसिद्धं वा वि जिणवरिंदेहिं ।
एसा तेसिं आणा कज्जे सच्चेण होतव्वं ॥—

(બૃહત્કલ્પ પૃ૦ ૯૩૬, ગા૦ ૩૩૩૦)

અર્થાત્ શ્રીજિનભગવંતોએ કોઈ હકીકત વિશે કશી અનુમતિ જ આપેલ છે એમ નથી, તેમ કોઈ હકીકત વિશે કશો પ્રતિષેધ જ કરેલ છે એમ પણ નથી. તેમ છતાં તેમની આ આજ્ઞા છે કે પ્રવૃત્તિમાં એટલે સાધનામાં મનુષ્યે સંયમપૂર્વક રહેવું ઘટે અર્થાત્ કાર્યમાં સત્ય હોવું ઘટે.

दोसा जेण निरुंभंति जेण खिज्जंति पुव्वकम्माइं ।
सो सो मोक्खोवाओ रोगावत्थासु समणं व ॥

(બૃહત્કલ્પ પૃ. ૯૩૬, ગા૦ ૩૩૩૧)

અર્થાત્ રોગની અવસ્થામાં જે જે ઉપચાર વડે શમન થાય તે તમામ ઉપચારો રોગની શાંતિ માટે ઉપાયરૂપ છે, તેમ આત્માને સર્વથા સ્વતંત્ર કરવાની સાધનામાં જે જે

સાધન વડે દોષોને અટકાવી શકાય અને જે જે સાધન વડે આગલા મલિન સંસ્કારોનો ક્ષય થાય તે તમામ સાધને મોક્ષના ઉપાય છે. એમ સમજવું.

આ જોતાં ભગવાન મહાવીરના પ્રવચનની એટલે તે પ્રવચનની વિશાળતા અને વ્યાપકતા કોને નહીં જણાય ?

પ્રતિસ્પર્ધીઓ—આવા વિશાળ દૃષ્ટિવાળા અને અહિંસાપ્રધાન જીવન સરણીને વરેલા ભગવાન મહાવીરના પણ પ્રતિસ્પર્ધીઓ હતા. એ હકીકત માત્સર્યમય માનવની મિથ્ય મહત્ત્વાકાંક્ષાના એક નમૂનારૂપ છે. આ જગતમાં આવ બનાવો કાંઈ નવા નથી. ઘણા જ જૂના કાળમાં જરથુસ્ત, રા અને કૃષ્ણના તેમના તેજને સહન નહીં કરી શકનારા અને તેમનો ઘાત કરવા પણ તૈયાર થયેલા એવા પ્રતિસ્પર્ધીઓ થયેલ છે. ભગવાનના જ સમસમયી તથાગત બુદ્ધનો પણ દેવદ નામે રાજપુત્ર એવો પ્રતિસ્પર્ધી થયેલો કે જે, તેમનો પ્રા લેવા સુદ્ધાં તૈયાર થયેલો. વર્તમાનમાં પણ પૂ. ગાંધીજી એવા જ પ્રતિસ્પર્ધી લોકો છે જે પ્રત્યક્ષ દેખાય છે.

ભગવાન મહાવીરના જમાનામાં તેમના બે વ પ્રતિસ્પર્ધી થયેલા. એક તો તેમનો જમાઈ જમાલિ અ બીજો મંખલિપુત્ત ગોશાલક. જમાલિ પોતે રાજપુત્ર હ અને ભગવાનના વતનનો વતની હતો. ભગવાનનાં પ્રવ સાંભળ્યાં પછી ભોગવિલાસોને તજી તે ભગવાનનો શિ થયો. અગ્યાર અંગોને ભણ્યો અને કઠોર તપશ્ચર્યા ક પોતાની આત્મસાધના કરવા લાગ્યો. જ્યારે તે ભગવાન દીક્ષા લેવા આવેલો ત્યારે તેની સાથે બીજા પાંચસે પુ

ા અર્થાત્ જમાલિએ અને તેની સાથેના આ પાંચસે પોએ ભગવાનની પાસે દીક્ષાને સ્વીકારેલી. (ભગવતી ના નવમા શતકના તેત્રીશમા ઉદ્દેશકમાં જમાલિ વિશે વેસ્તર હકીકત આપેલ છે. તેમાં તેના માતાપિતાનો પણ લેખ છે પરંતુ તેમનાં નામનો ઉલ્લેખ નથી. તથા માલિને ક્ષત્રિયપુત્ર કહેલ છે અને તેને આઠ સ્ત્રીઓ હતી મ પણ સૂચવેલ છે તથા જમાલિએ પોતાના માતાપિતાની ાતીમાં દીક્ષા લીધેલ છે અને તે, પોતાના માતાપિતાને કનો એક પુત્ર છે એમ સૂચવેલું છે)

હવે એકવાર જમાલિ અનગાર, ભગવાન મહાવીર પાસે ાવ્યો અને તેમને વંદન નમન કરીને કહેવા લાગ્યો કે ાપ સંમતિ આપો તો હું આ પાંચસો અનગારો સાથે હીંથી બહારના પ્રદેશમાં વિહાર કરું. આ વખતે ભગવાન હાવીર વૈશાલીના પરા ક્ષત્રિયકુંડ ગ્રામના બહુશાલ ચૈત્યમાં રાજતા હતા. અને પછી અહીંથી વિહાર કરીને ભગવાન પા નગરીના પૂર્ણભદ્ર ચૈત્યમાં વિરાજતા હતા. જ્યારે માલિએ પોતા પાસેથી જુદો પડી વિહાર કરવાની ભગવાન સે રજા માગી ત્યારે તેમણે કશો જવાબ ન આપ્યો, ાન રાખ્યું અને એ રીતે તેમણે રજા તરફ પોતાનો ણગમો બતાવ્યો. તેમ છતાં આ ક્ષત્રિયપુત્ર જમાલિ અનગાર, ગવાનના અણગમાની દરકાર ન કરીને પોતાની સાથે દીક્ષિત યેલા પાંચસો સાધુઓને સાથે લઇ તેમનાથી જુદો પડી ાવસ્થી નગરી તરફ જઇ ત્યાંના કોષ્ઠક ચૈત્યમાં રહેવા ગ્યો. ત્યાં તે ખાનપાનની મર્યાદાના ભંગથી માંદો પડી

જમાલિનો વિચાર ગમ્યો તેઓ તેની પાસે જ રહ્યા અને જેમને એ વિચાર ન ગમ્યો તેઓ તેની પાસેથી જુદા પડીને ચંપા નગરીના પૂર્ણભદ્ર ચૈત્યમાં જ્યાં ભગવાન મહાવીર બિરાજતા હતા ત્યાં પહોંચી ગયા. હવે જ્યારે જમાલિ નિરોગી થયો અને વિહાર કરવાને સશક્ત થયો ત્યારે તે, ચંપા નગરીમાં જ્યાં ભગવાન મહાવીર બિરાજતા હતા ત્યાં આવી પહોંચ્યો અને ભગવાનને વંદન નમન કર્યા વગર બહુ દૂર નહીં તેમ બહુ પાસે નહીં એમ ઊભો રહીને કહેવા લાગ્યો કે જેમ આપ દેવાનુપ્રિયના બીજા શિષ્યો હજુ સુધી છદ્મસ્થ જ રહ્યા છે અને અરહા જિન કેવલી થયા નથી તેમાંયલો હું નથી, હું તો જ્ઞાન દર્શનને પામેલ છું અને જિન અરહા કેવલી થઈને આપની પાસે આવ્યો છું. કારણ કે મેં વર્તમાન કાળ અને ભૂતકાળને ઘનિષ્ઠ સંબંધવાળા માનવાની આપની ભૂલ પકડી પાડી છે. મને થોડા દિવસ પહેલાં મારી માંદગીની હાલતમાં એ અનુભવસિદ્ધ થઈ ગયું છે કે વર્તમાનકાળ અને ભૂતકાળ કદી ઘનિષ્ઠ સંબંધવાળા ન હોઈ શકે માટે જ તમો જે 'ક્રિયમાણ'ને 'કૃત' કહો છો, તે વાત ખોટી છે. ભગવાને તેને સમજાવવા સારુ એક રોગીની વાત કહી અને એક આત્મસાધના કરનાર અનગારની વાત કહી : હે જમાલિ! ધાર કે કોઈ લાંબા સમયનો રોગી છે, તે ઉપચાર કરવા લાગે છે અને ઉપચારથી તેના શરીરમાં એક આની બે આની એ રીતે ધીરે ધીરે સુધારો થવા માંડયો છે, એ અપેક્ષાએ-જો કે હજી તે તદ્દન સાજો થયો નથી છતાં-તેને 'સાજો છે'. એમ કહેવાને હરકત નથી. કોઈ સાધક પોતાની ચિત્તશુદ્ધિ માટે

I સૂક્ષ્મદૃષ્ટિ અને સ્થૂલદૃષ્ટિ એમ બન્ને બાજુએ વિચાર રવાનો છે. કેવળ સ્થૂલદૃષ્ટિનો વિચાર વ્યવહારસાધક નતો નથી એટલે તારા કથનમાં આંશિક સત્ય છે; પરંતુ ારા કહેવા પ્રમાણે તે પૂરું સત્ય છે એમ નથી. આમ મજાવ્યો છતાં જમાલિ ન સમજ્યો તે ન જ સમજ્યો અને વ્યો ત્યાં સુધી પોતાને ભગવાન મહાવીરનો પ્રતિસ્પર્ધી ાનતો રહ્યો અને પોતે પણ અરહા છે, જિન છે, કેવળી ે એમ લોકોને તદ્દન ખોટું કહેતો રહ્યો.

બીજો પ્રતિસ્પર્ધી મંખલિપુત્ર ગોશાલક. જૈન આગમ ભગવતીસૂત્રના પંદરમા શતકમાં ગોશાલકની હકીકત આ માણે આપેલ છે:

[1]મંખ જાતિનો મંખલિ નામનો એક પુરુષ, તેની ભદ્રા નામે ભાર્યા. તે ગર્ભવતી થઈ, પછી એ બન્ને ફરતાં ફરતાં શરવણ નામના ગામમાં ગોબહુલ નામના બ્રાહ્મણની ગોશાલામાં આવીને ઉતર્યાં. ગોશાલામાં જ પુત્રનો જન્મ થયો માટે તેનું નામ ‘ગોશાલક’ પાડ્યું. ગોશાલક મોટો થયો એટલે તે, પોતાના પિતા પ્રમાણે ‘મંખ’ જાતિનો ધંધો કરી જીવન નિર્વાહ કરવા લાગ્યો.

ભગવતી સૂત્રકારે શ્રીમહાવીર પાસે કહેવરાવ્યું છે કે આ વખતે તેઓ ચોત્રીશ વરસના હતા. તેઓ શ્રમણ થઈ વિહાર કરતા કરતા રાજગૃહ નગરના નાલંદા પાડાની વણકરશાલામાં વર્ષાવાસ રહેલા. ગોશાલક

---

૧ હાથમાં ચિત્રનું પાટિયું રાખી લોકોને ચિત્રો બતાવી તે દ્વારા જીવનનો નિર્વાહ કરનારા ‘મંખ’ કહેવાય.

શ પણ ઉદાસીન ન હતા. ભગવતી સૂત્રમાં કે બીજાં સૂત્રોમાં જે જે સંવાદો, ચર્ચાઓ અને દૃષ્ટાંતો વા કથાઓ આવેલાં છે તે તમામનો અભ્યાસી, આ હકીકતને બરાબર કરવી શકે એમ છે. ભગવાન સાધનામાં એટલા બધા કઠોર હતા કે તેઓ જીવન પર્યંત કેવળ ભૈક્ષ ઉપર–ખરા અર્થમાં માધુકરી વૃત્તિ ઉપર જ પોતાનો નિભાવ કરતા રહ્યા છે. કદી તેઓ મોટા મોટા નિમંત્રણોમાં ભોજન માટે ગયા જ નથી તેમ જે ભૈક્ષ દોષવાળું હોય એટલે પોતાને માટે જ તૈયાર કરેલું હોય વા કોઈપણ વ્યક્તિને માટે અસંતોષ કે પીડા કરનારું હોય તે તેઓએ કદી નથી જ સ્વીકાર્યું. નિર્દોષ ભૈક્ષ વિના ઉપવાસોના ઉપવાસો તેઓ ખેંચી કાઢતા; પરંતુ ભક્તિભાવથી પ્રેરાઈ કોઈ અનુયાયી ઉપાસક વા ઉપાસિકાએ જે ભૈક્ષ તેમને માટે ખાસ તૈયાર કરેલું જણાય તે, તેઓએ કદી પણ સ્વીકાર્યું જ નથી તેમ પોતાનાં અનુયાયી શ્રમણશ્રમણીઓને પણ એવું ભૈક્ષ લેવાની મનાઈ કરેલી છે. તેમણે પોતાના નિર્વાહ માટે કે પોતાના સંઘના નિર્વાહ માટે કોઈ નાનાં કે મોટાં દાનો પણ સ્વીકાર્યાં નથી, તેમ દાનમાં અપાતાં જમીન, બગીચા વા મઠો પણ સ્વીકાર્યાં નથી, તેમ પોતાના કે પોતાના સંઘના કાયમી નિભાવ માટે કોઈ પોતાના અસાધારણ ઉપાસક વા ઉપાસિકાને કશી પ્રેરણા પણ નથી કરી. અરે માંદા હોય ત્યારે પણ ઔષધ લેવાની વા બીજા વૈદ્યકીય ઉપચારો લેવાની લેશ ઇચ્છા પણ નથી સેવી, તેમ તેમના સંઘનાં શ્રમણશ્રમણીઓને એ બાબત ડગલે ને પગલે સાધારણ સ્થિતિમાં એ વૈદ્યકીય રાહત લેવાનો કે ઔષધાદિ લેવાનો સાફ સાફ નિષેધ કરેલો

રવા સારુ બાહ્ય પરિગ્રહનો પણ ત્યાગ જરૂરી છે. એટલે વિરતિવાળા શ્રેયાર્થીઓ માટે ભગવાને બાહ્ય પરિગ્રહની કડક મર્યાદાઓ બાંધી છે. તેઓ ધન ન રાખી શકે, જ રીતે ઘર, જમીન, સોનુંરૂપું, સ્ત્રી, નોકર વગેરેને હુ ન રાખી શકે. લજ્જા ઢાંકવાં પૂરતાં કપડાં, શરીરના આરોગ્ય માટે ઉપયોગી હોય તેટલું બિછાનું અને ખાવા-પીવા માટે માટીનાં કે લાકડાનાં પરિમિત જ વાસણો રાખી શકે. પોતે જેટલો ભાર ઉપાડી શકે તેટલો રાખે, એથી વધારે નહીં. પોતાનો ભાર બીજા પાસે ઉપડાવી જ ન શકે, એ સાધારણ નિયમ છે. બ્રહ્મચર્યનિષ્ઠ આવા શ્રેયાર્થીની હાજતો ઘણી ઓછી હોય અને જે હોય તે પણ ઘણી જ ઓછી ખર્ચાળ હોવી જોઈએ. ખાવા માટે તેઓ અંતપ્રાંત ભોજન મેળવી શકે એટલે લોકો જમી રહ્યા હોય ત્યારબાદ જે વધ્યુંઘટ્યું હોય તે ભિક્ષા માગીને લઈ આવે. ભિક્ષાનો સમય બપોરે બે વાગ્યા પછીનો ભગવાને આંકી બતાવેલ છે. આમ અંતપ્રાંત ભોજન લેવાથી કોઈ ઉપર કશો ખાસ બોજો પડવાનો સંભવ નથી. આવા શ્રેયાર્થીની પ્રવૃત્તિમાં મુખ્યતઃ ચિત્તશુદ્ધિની સાધના છે અને તે માટે ધ્યાન, તપ અને સ્વાધ્યાયને જણાવેલાં છે. સંયમને બાધ કરે એવો ગૃહસ્થોનો પરિચય વર્જ્ય બતાવેલ છે. તથા દેશકાળ પ્રમાણે પોતાને જીવન-શુદ્ધિમાં સહાય કરે એવાં નિમિત્તો દ્વારા સ્વ અને પરનું કલ્યાણ થાય તેમ વર્તવાનું ફરમાવેલ છે. એ શ્રેયાર્થીએ મનનો સંયમ, વચનનો સંયમ અને કાયાનો સંયમ કેળવતા રહેવાનું છે. તથા જે જે સામગ્રી પોતાના સંયમસાધક જીવનના નિર્વાહ માટે તે શ્રેયાર્થી મેળવે તે

અહિંસાધર્મને છાજે એવી રીતે તેણે મેળવવાની છે. અર્થાત જે સામગ્રીની બનાવટ ઘોર હિંસામય હોય તે કોઈ સામગ્રી એ ઉપયોગમાં લે તો તેમાં તેના અહિંસાવ્રતનો ચોકખો ભંગ છે એમ બતાવેલું છે, દાખલા તરીકે વર્તમાનમાં મીલમાં બનેલાં મુલાયમ કાપડ અને જાડી ખાદી એ બેમાંથી શ્રેયાર્થીએ લક્ષ્યપૂર્વક અને વિવેક સાથે જાડી ખાદીને પસંદ કરી હોય તો સમજવું કે તે અહિંસાના માર્ગ ઉપર છે. કદાચ જો તે અજ્ઞાનથી વા દેખાદેખીથી મીલમાં બનેલું મુલાયમ કાપડ વાપરશે તો જરૂર તે પ્રથમ વ્રતની દૂષક હિંસાના માર્ગ ઉપર છે એમ ભગવાન મહાવીરનું પ્રવચન કહે છે. ઘી દૂધ ગોળ વગેરે વિકૃતિજનક પદાર્થોનો આ શ્રેયાર્થી વગર કારણે ઉપયોગ ન કરે એમ વિધાન કરેલ છે. આ ઉપરાંત શ્રેયાર્થીએ પોતાનાં શારીરિક મળો ઝાડો પેશાબ કફ વગેરે મેલોને એવે સ્થલે પરઠવવા—નાખવા—કે જ્યાં કોઈ જતું આવતું ન હોય, તે મળોને કોઈ જોઈ શકતું ન હોય અને તે મળો કોઈને અડચણ કરતા ન થતા હોય—શ્રેયાર્થીએ પોતાના એ મળોને જાહેર રસ્તા ઉપર જ્યાં માણસો આવે જાય છે તેવે ઠેકાણે વા જ્યાં બાળકો રમે છે. કુદે છે એવે ઠેકાણે નાખી જ ન શકાય, એમ ભગવાને સાફ સાફ બતાવેલ છે. આ રીતે સર્વવિરતિવાળા શ્રેયાર્થી વિષે ઘણા કડક નિયમો ભગવાન મહાવીરે પોતે જાતે આચરીને પછી જ બતાવેલા છે. કોઈ એમ સમજે કે એ નિયમો જૂના જમાનાના સાધુઓ માટે છે. આજ તે [illegible] કે [illegible] આ નિયમો ન પાળી શકાય અને [illegible] આરોગ્યના નિયમો અને સંયમનો વિધ ન [illegible]

રેમ પણ વર્તાય તો તેવી સમજણવાળાને ભગવાન પાપ-
શ્રમણ કહે છે એ યાદ રાખવાનું છે.

બીજો વર્ગ અંશવિરતિનો છે. તેવા શ્રેયાર્થીએ પ્રથમ
તો પરિગ્રહની મર્યાદા કરવી જોઈએ અર્થાત્ આટલું ધન,
આટલી જમીન અને આટલી બીજી સામગ્રી મારે રાખવી
અને એથી વધારે કશું ન રાખવું તથા રોજના ખાનપાન
વગેરેની મર્યાદા નક્કી કરી લેવી, જેથી હાજતો માપમાં
રહે અને મન તથા શરીર ચંચળ થવા ન પામે. આ બધું
એ અંશવિરતિવાળાએ જીવનમાં સંયમ કેળવાય અને
ચિત્તમાં તૃષ્ણાના જે પ્રબળ સંસ્કારો છે તે ધીરે ધીરે
ઓછા થાય એ બુદ્ધિથી જ આચરવાનું છે. એવા કોઈ
પવિત્ર ઉદ્દેશ વિના કેવળ મૂઢભાવે વા જડભાવે કરેલા કોઈ
નિયમ જીવનને લાભપ્રદ થતા નથી. આવો અંશવિરતિવાળો
વેપારી હોય, ખેડુત હોય, શિક્ષક હોય, ઘાંચી હોય, મોચી
હોય, ધોબી હોય વા ગમે તે જાતનો વા ગમે તે ધંધો
કરનારો હોય માત્ર તેનું લક્ષ્ય સંયમ કેળવવાની બુદ્ધિથી
અંશવિરતિ તરફ વળેલું હોવું જોઈએ. આંતર પરિગ્રહ
ઓછો કરવા આ અંશવિરતિવાળાએ બાહ્યપરિગ્રહની મર્યાદા
બાંધી લેવી જોઈએ અને બરાબર તદનુસાર વર્તનને કેળવવું
જોઈએ. લોભ ઓછો થાય તો જ બાહ્યપરિગ્રહની મર્યાદા
બાંધી શકાય અને એ બંધાય તો જ આંતર પરિગ્રહનો
ત્યાગ કેળવાય. આ માટે વિવિધ પ્રકારની ભાવનાઓ
કેળવીને ચિત્તમાં એ અંશવિરતિના સંસ્કારોને દૃઢીભૂત
કરવાના છે. પ્રાણીમાત્ર મારો બંધુ છે એવી ભાવના

કેળવ્યા કરવી. તમામ પ્રાણીઓને જીવન વલ્લભ છે, કોઈપણ
પ્રાણીને મરણ પ્રિય નથી એટલે આજની ભાષામાં 'જીવો
અને જીવવા દો'ની ભાવના ખુબ મનમાં સ્થિર કરી
જોઈએ. બીજું સાદાઈ અને ઓછી હાજતોની ટેવ
પાડવા માટે પોતાના વતનની ઉપજથી જીવનનિર્વાહ
કરવાનો અભ્યાસ કરવો જોઈએ. વતન બહાર જવાથી
લોભવશે ધન મેળવવાની વૃત્તિ જાગે તો તે લોભ
વૃત્તિને કાબુમાં રાખવા સારુ વતન બહાર કેટલે દૂર
સુધી જવું તેની મર્યાદા બાંધી લેવી જોઈએ તથા વતન
બહારથી વસ્તુઓને લાવવી જ પડતી હોય તો પણ તે
કેટલે દૂરથી અને કેટલી મંગાવવી તેની પણ મર્યાદા
બાંધી રાખવી જોઈએ અને ધનલોભને કારણે વતનની
વસ્તુઓ બહાર મોકલવી પડતી હોય તો પણ
લોભને ઓછો કરવા ખાતર તે કેટલી મોકલવી અને
કેટલે દૂર સુધી મોકલવી તેની હદ નક્કી કરી લેવી જોઈએ
આમ હદ નક્કી કરવાથી લોભ ઉપર અંકુશ રહે
અને વતનમાં રહેનારા લોકોની આજીવિકાનો નાશ ન
થાય તથા બહારના લોકોને ચૂસવા-ચૂસાવાનો પ્રસંગ ઓછો
થઈ જશે. આ વ્રત ભગવાન મહાવીરે દેશાવકાશિકને નામે
અંશવિરતિવાળાઓ માટે ખાસ બનાવેલ છે. આ ઉપરાંત
અતિથિની પરિચર્યા-કોઈ જાતના નાત જાત ધર્મ સંપ્રદાય
ભાષા દેશ કે રંગના ભેદને લેશ પણ પ્રાધાન્ય ન આપતાં
માનવી તરિકે માનવ અતિથિની પરિચર્યા-આગતાસ્વાગતા
કરવાનું પણ એક વ્રત બનાવેલ છે. તથા તમામ પશુ
પક્ષીઓ અને આપણાં ખાસ સહાયક ગાય બળદ ઘોડા વગેરે

ઓ તરફ પણ ખુબ સદ્ભાવ રાખવાનું કહેલ છે. ઓ ઉપર વધારે ભાર ન લદાય, તેમ એક ઘોડો બળદ વા બીજું કોઇ પશુ ખેંચી ન શકે ટલી સ્વારી એક ગાડીમાં ન બેસી શકે વગેરે એમ અનેક કારે પશુઓ તરફ આત્મવત લાગણીથી વર્તવાની આ શવિરતિઓની ફરજ છે. આ ઉપરાંત જે ધંધાઓમાં રહિંસા છે, સ્વ અને પર જીવનનો ઘાત છે, જેવા કે ગીલો લાવવી, સટ્ટા કરવા, રેસ રમવી, જંગલો બાળવાં, સુરંગો ડવી, ગુલામોનો વેપાર કરવો, વાળોનો વેપાર કરવો ઝેર, રુ વગેરે હાનિકારક ચીજોનો વેપાર કરવો, માણસોની દરાઓની અને પશુપક્ષીઓની હિંસા દ્વારા બનતાં ઓષ-નો વેપાર કરવો, પશુપક્ષીઓની હિંસા દ્વારા પેદા થતાં ામડાં, વાળ, પીંછાં વા એવી હિંસામાંથી બનતી વસ્તુ-ઓનો વેપાર કરવો વગેરે એવી હિંસાપ્રધાન અને હિંસાને ત્તેજન આપે એવી તમામ પ્રવૃત્તિઓ વા એવા તમામ પારધંધા, એ બધાંનો નિષેધ કરવામાં આવેલ છે. જે ધંધાથી અસંયમ વધે અને લોકો પાયમાલ થાય એવા કોઇ ણ ધંધા કરી જ ન શકાય.

ત્રીજો વર્ગ માત્ર ભગવાન મહાવીરના ધર્મની શ્રદ્ધાવાળો છે; કિંતુ ઉપર જણાવેલ બેમાંથી એકે વિરતિનું આચરણ કરવાને અસમર્થ છે, તેમને માટે ભગવાને કહેલ છે કે આવા લોકો બધી પ્રવૃત્તિમાં પ્રામાણિક રહે, ન્યાય-નીતિના નિયમને બરાબર પાળે અને પોતાનો વ્યવહાર ધંધો વા નોકરી એ બધું પ્રામાણિકપણે ચલાવે. સત્યની

જિજ્ઞાસાને પોષે અને સંત પુરુષોનો વધારે સહવાસ વિનયાદિ ગુણોને ખીલવે. આમ કરવાથી આ વર્ગના લોકો ધીરે ધીરે અંશવિરતિ તરફ આવી અને એવી રીતે ક્રમે ક્રમે જીવનનો પૂર્ણ વિકાસ ખીલવી શકશે.

ભગવાને ઉપર જણાવેલો જે સાધનામાર્ગ બતાવ્યો છે તે વર્તમાનમાં યથાર્થપણે ભાગ્યે જ દેખાય છે. વર્ણ વ્યવસ્થા અને આશ્રમવ્યવસ્થા જે સમાજોપયોગી હતી આજ લાંબાકાળથી તુટી ગઈ છે અને તેની વિકૃતિ સમાજ ટકી રહી છે, તેમ ભગવાને જે સર્વવિરતિ, અંશવિરતિ અને મધ્યસ્થ માર્ગની સાધના માટે જે જે પ્રક્રિયાઓ બતાવી છે તે પણ જૈન પ્રજામાં ઠીક ઠીક રીતે પળાતી જણ નથી, એટલું જ નહીં તેમાં અનેક વિકૃતિઓ અને અસં તતાઓ ધર્મને નામે પેસી ગઈ છે. એટલેથી ન અટકતાં જૈનને નામે ઓળખાતા કેટલાક વર્ગમાં એવી પણ માન્યતા ફેલાએલી દેખાય છે કે પરોપકાર ન કરવો, દાન ન આપ ખેતી ન કરવી, કૂવા ન ખોદાવવા, આગ લાગી હોય તે ન ઓલવવી, કોઈ તરસ્યો હોય તો તેને પાણી ન આપવું, અને ખુબી તો એ છે કે આ બધી વિકૃ માન્યતાઓ અહિંસાને નામે ચાલે છે. માનનીય નરહરિભાઈ પરીખે મને એકવાર કહેલું કે અમારા ગામમાં બપોરના બાઈઓ ભેગી થઈને બેસીને વાતચીતો કરે ત્યારે સાંજ પડવા આવતાં અને રસોઈનો વખત થાય ત્યાં દીવાનો વખત થાય પણ તેમાં જૈન બૈરાંઓ પહેલાં ન દી

शुद्धिपत्रक

अशुद्ध	शुद्ध
—ज्जगी	ज्जगि
—मड्ढगी	मड्ढगि
मड्ढगं	मड्ढगं
पागिवद्ध—	पागवद्ध—
पवंन्नं	पवन्नं
जंतुगा	×जंतुगो
—मागिगा	×—मागिगो
	×निव्वागितते
गा० २, ३]	गा० ३, २]
—दुक्खाग	दुहाण
	×—दोसेहिं
	×नीरण
चंमगा	चंमगो
[दश०अ०५गा०	[दश०अ०१गा०
	×आजीवगं

અમરેલી નિવાસી મહેતા તારાચંદ વચ્છરાજના
પુત્ર ભાઈ મનસુખલાલનાં સદ્ગત પૂજ્ય
માતુશ્રી જડાવ બાઈની પવિત્ર સ્મૃતિ માટે

મહાવીર-વાણી

: १ :

मंगल-सुत्तं

नमोक्कारो

नमो अरिहंताणं ।
नमो सिद्धाणं ।
नमो आयरियाणं ।
नमो उवज्झायाणं ।
नमो लोए सव्वसाहूणं ।

एसो पंच नमुक्कारो, सव्वपावप्पणासणो ।
मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं ॥

[पंचप्रति० सू० १]

: १ :

મંગલ-સૂત્ર

નમસ્કાર

અરિહંતોને-અર્હંતોને—નમસ્કાર,
સિદ્ધોને નમસ્કાર,
આચાર્યોને નમસ્કાર,
ઉપાધ્યાયોને નમસ્કાર,
લોકમાં સર્વ સાધુઓને નમસ્કાર.

આ પાંચ નમસ્કાર સર્વ પાપોનો નાશ કરનાર તથા સર્વ મંગલોમાં પ્રથમ મંગલરૂપ છે.

: १ :

मंगल-सुत्तं

नमोक्कारो

नमो अरिहंताणं ।
नमो सिद्धाणं ।
नमो आयरियाणं ।
नमो उवज्झायाणं ।
नमो लोए सव्वसाहूणं ।

एसो पंच नमुक्कारो, सव्वपावप्पणासणो ।
मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं ॥

[पंचप्रति० सू० १]

: ૧ :

મંગલ-સૂત્ર

નમસ્કાર

અરિહંતોને-અર્હંતોને—નમસ્કાર,
સિદ્ધોને નમસ્કાર,
આચાર્યોને નમસ્કાર,
ઉપાધ્યાયોને નમસ્કાર,
લોકમાં સર્વ સાધુઓને નમસ્કાર.

આ પાંચ નમસ્કાર સર્વ પાપોનો નાશ કરનાર છે, તથા સર્વ મંગલોમાં પ્રથમ મંગલરૂપ છે.

તુલનાત્મક ટિપ્પણો ઉપરથી તમામ ધર્મોનો પાયો કેટલો બધો સરખો મળતો છે તેનો ખ્યાલ આવશે.

સરખાવેલાં વચનોમાં કેટલાંક તો શબ્દશઃ પણ સરખાં છે. સરખામણી કરવા માટે બ્રાહ્મણ ધર્મનાં અને બૌદ્ધ ધર્મનાં મૂળ વચનોનો સીધો ઉપયોગ કરેલ છે.

अरिहंत–આ શબ્દનું સંસ્કૃત ઉચ્ચારણ अर्हत् છે સં૦ अर्ह અને પ્રા૦ अरिह ધાતુ ઉપરથી આ શબ્દ આવેલ છે. अरिह ધાતુને વર્તમાન કૃદંતનો अंत પ્રત્યય લાગવાથી अरिहंत अरहंत અને अरुहंत એવાં ત્રણ પદો બને છે. પાલિ ભાષામાં अरहंत રૂપ પ્રચલિત છે. अरिहंताणं એ છઠ્ઠી વિભક્તિનું બહુવચન છે, એકવચનમાં अरिहंतस्स અથવા अरहंतो એવાં રૂપ થાય છે. नमो (नमः) શબ્દ સાથે જોડાયેલ નામને ચોથી વિભક્તિમાં વાપરવાની પ્રથા વ્યાકરણે બતાવેલી છે પરંતુ પ્રાકૃતભાષાઓમાં ચોથી વિભક્તિને બદલે મોટે ભાગે છઠ્ઠી વિભક્તિ વપરાય છે. અહીં આપેલાં ગદ્ય કે પદ્ય તમામ વચનોનું સંસ્કૃત રૂપાંતર આ પુસ્તક પૂરું થયા પછી પરિશિષ્ટમાં આપેલું છે.

अरहंत કે अरिहंत શબ્દનો પ્રયોગ ઘણા પ્રાચીન સમયથી પ્રચલિત છે. મથુરામાંથી મળેલા ઈ. સ. પૂર્વેના શિલાલેખમાં 'नमो अरहतो वधमानस' એ વાક્યમાં अरहंत શબ્દ वधमानसના વિશેષણરૂપે વપરાયેલ છે. वधमान (वर्धमान) એ ભગવાન મહાવીરનું જન્મનામ છે. તથા કલિંગાધિપતિ મહામેઘવાહન મહારાજા ખારવેલનો એક મોટો શિલાલેખ ઓરિસાપ્રાંતમાં આવેલી ખંડગિરિ અને ઉદયગિરિની ટેકરીઓમાંની હાથી–ગુફામાં કોતરાયેલો મળે છે, તેની શરુઆત नमो अरहंतानं नमो सव–सिधानं એ પદોથી થાય છે, અહીં જે नमो अरिहंताणं અને नमो सिद्धाणं એમ બે પદો આપેલાં છે તેને બરાબર મળતાં જ એ શિલાલેખનાં આદિનાં બે પદો છે. શિલાલેખમાં વપરાયેલો सव શબ્દ 'સર્વ' અર્થને સૂચવે છે. સવ એટલે સર્વ–બધા–તમામ. અહીં પાંચમા

ગણ—માનસપૂજન અને બાહ્ય આદિ પૂજન તમામ આત્માઓ—જીવો પ્રત્યેક પ્રત્યે કરે તે નાનામાં નાના જીવ હોય અને મોટામાં મોટા હોય કે સવર્ણો હોય, તેમની તમામની તરફ આત્માને વર્તવું—કોઈને પણ કોઈ પ્રકારે તિરસ્કાર કે અપમાન ન થાય તેમ વર્તવું—કોઈ વંદન કરે કે કોઈ નિંદા કરે તો પણ તે બન્ને તરફ સમાન પ્રાણી તરફ સર્વદા આત્માભિક સમતાભાવે વર્તવું—સમદર્શી રહેવું—મન વચન અને શરીર એમ ત્રણે પ્રકારે સતત સમતા ધારણ કરી રાખવી—જેથી તેમનામાં રાગ, દ્વેષ, ઈર્ષા કે લોભ કે મોહ ન આવે તેવી વૃત્તિ રાખવી પ્રવૃત્તિ કરવી તેનું નામ અંતરંગ પૂજન વા માનસપૂજન વા આત્મપૂજન કહેવાય અને ચંદન ચઢાવવું, ફૂલ ઢગલાં કરવાં, સ્નાન કરાવવું, ફૂલ ચઢાવવાં, નિવેદ ધરવું, ચામર કે વીંઝણો કરવો તથા ધૂપ વગેરે કરવું તે બધી બાહ્યપૂજન કહેવાય. જે પુરુષ આવી બાહ્ય પૂજામાં નથી પડતો પરંતુ ઉપર કહી તેવી સમતાની અંતરંગપૂજા મનસા વચસા અને કાયેન એમ ત્રણે પ્રકારે નિરંતર કરતો રહે છે તે પુરુષ અરિ-હંત, અરહન કે અર્હ કહેવાય. અર્થાત્ અરિહંત, અરહન કે અર્હતો આ વ્યુત્પત્ત્યર્થ છે અને તે જ અર્થ અનુસાર બીજી રીતે ઘટમાન છે.

ગીતામાં કહ્યું છે કે,

> यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।
> हर्ष-अमर्ष-भय-उद्वेगैर्मुक्तः ॥ (અધ્યાય ૧૨ શ્લો૦ ૧૫ તથા
> विद्या-विनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि ।
> शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः ॥
> (અધ્યાય ૫ શ્લો૦ ૧૮)

જેને લીધે લોકોને ઉદ્વેગ થતો નથી તથા લોકોને લીધે પણ જેને ઉદ્વેગ થતો નથી એવો તથા જે રાગ દ્વેષ ભય અને ઉદ્વેગથી મુક્ત છે તે સમદર્શી કહેવાય. (૧૫) વળી, વિદ્યા તથા વિનયથી યુક્ત એવા ઉત્તમ મનુષ્યના પ્રતીકસમા બ્રાહ્મણ તરફ, અધમ મનુષ્યના

કહેવાનો આશય છે કે સમગ્ર લોકમાં જે જે અરહંતો છે, સમગ્ર લોકમાં જે જે સિદ્ધો છે, સમગ્ર લોકમાં જે જે આચાર્યો છે, સમગ્ર લોકમાં જે જે ઉપાધ્યાયો છે અને સમગ્ર લોકમાં જે જે સાધુ સંતો છે તે તમામને નમસ્કાર. આવો આ નમસ્કાર પાઠનો ઉદાર ગંભીર આશય છે. કોઈ ખાસ સંપ્રદાય કે વેશ વગેરેની અપેક્ષા હોત તો તેવા શબ્દો નમસ્કાર પાઠના પ્રણેતાએ આ પાઠમાં જરૂર મૂક્યા હોત; પરંતુ તેમ નથી દેખાતું માટે જ આ પાઠનો ઉદાર આશય સમજવો જોઈએ.

મંગલ–સરખાવો બૌદ્ધ પરંપરામાં બોલવામાં આવતો મંગલપાઠ:

असेवना च बालानं पंडितानं च सेवना ।
पूजा च पूजनीयानं एतं मंगलमुत्तमं ॥
मातापितुउपट्ठानं पुत्तदारस्स संगहो ।
अनाकुला च कम्मंता एतं मंगलमुत्तमं ॥
दानं च धम्मचरिया च ञातकानं च संगहो ।
अनवज्जानि कम्मानि एतं मंगलमुत्तमं ॥
आरति विरति पापा मज्जपाना च संयमो ।
अप्पमादो च धम्मेसु एतं मंगलमुत्तमं ॥
खंति च सोवचस्सता समणानं च दस्सनं ।
कालेन धम्मसाकच्छा एतं मंगलमुत्तमं ॥

—(લઘુપાઠ મંગલસૂત્ર)

અજ્ઞાનીઓની સોબતનો ત્યાગ, જ્ઞાનીઓની સોબતનો પ્રસંગ, પૂજ્ય પુરુષોની પૂજા એ મંગલ ઉત્તમ છે.

માતાપિતાની સેવા કરવી, સ્ત્રી અને પુત્ર વગેરે કુટુંબની સંભાળ રાખવી, વ્યાકુળતા વિનાના ધંધા રોજગાર એ મંગલ ઉત્તમ છે.

દાન દેવું, ધર્મનું આચરણ કરવું, પોતાના નાતિલાઓની સંભાળ રાખવી, પાપ વગરની પ્રવૃત્તિઓ કરવી એ મંગલ ઉત્તમ છે.

મનુષ્ય અધર્મને આચરે છે તેની તે વીતી ગયેલી રાત ફોગટ જાય છે.

જે જે રાત વીતી જાય છે, તે પાછી આવતી નથી. મનુષ્ય ધર્મને આચરે છે, તેની તે વીતી ગયેલી રાત સફળ જાય છે.

(९) जरा जाव न पीडेइ, वाही जाव न वड्ढइ ।
जाविंदिया न हायंति, ताव धम्मं समायरे ॥९॥

[दश० अ० ८ गा० ३६]

૯. જ્યાં સુધી ઘડપણ સતાવતું નથી, જ્યાં સુધી વ્યાધિઓ વધતા નથી, અને જ્યાં સુધી આંખ વગેરે જ્ઞાનેંદ્રિયો, તથા હાથ વગેરે કર્મેંદ્રિયો નબળી પડી નથી, ત્યાં સુધી ધર્મનું આચરણ કરી લેવું જોઈએ.

(१०) मरिहिसि रायं ! जया तया वा,
मणोरमे कामगुणे विहाय ।
एक्को हु धम्मो नरदेव ! ताणं,
न विज्जई अन्नमिहेह किंचि ॥१०॥

[उत्तरा० अ० १४ गा० ४०]

૧૦ હે રાજા! તું આ પ્રત્યક્ષ મનોહર દેખાતા કામભોગોને છોડી દઈને જ્યારે ત્યારે મરવાનો છે.

હે નરદેવ! તું યાદ રાખ કે એ વખતે તારે સારુ એક માત્ર ધર્મ શરણરૂપ છે. આ જગતમાં માત્ર ધર્મ સિવાય કોઈ બીજી કે પ્રવૃત્તિ મરણસમયે તને ખપમાં આવવાની નથી.

સંકટ સહવું પડે તેનું નામ તપ. તપ સંયમપ્રાપ્તિનું સાધન છે. બે પ્રકારનું છે: બાહ્ય તપ અને આંતર તપ. બાહ્ય તપ ૬ પ્રકારનું: ૧ અનશન, ૨ ઊનોદરી, ૩ વૃત્તિસંક્ષેપ, ૪ રસત્યાગ, ૫ કાયક્લેશ અને ૬ સંલીનતા. અનશન એટલે સમયની મર્યાદા કરીને ખાનપાનનો સર્વથા ત્યાગ વા આંશિક ત્યાગ જેમકે: ઉપવાસ, એકાસણું વગેરે. વૈદિક દૃષ્ટિએ ચાંદ્રાયણ, નિર્જળા એકાદશી વગેરે. ઊનોદરી એટલે જમતાં જમતાં કે પીતાં પીતાં પેટને ઊણું રાખવું, આ ખાનપાનની ઊનોદરી. બીજી ઉપકરણની ઊનોદરી. ઉપર જણાવેલો ઉપકરણસંયમ અને ઉપકરણોની ઊનોદરી એ બન્ને સરખાં છે. વૃત્તિસંક્ષેપ એટલે આપણી વિવિધ વૃત્તિઓનો–ટેવોનો, વ્યસનોનો અને વધારે પડતી બીજી પ્રવૃત્તિઓનો સંક્ષેપ કરવો એટલે તેમને જરૂર કરતાં વધારે ન વધવા દેવી. રસત્યાગ એટલે સ્વાદેન્દ્રિય કે જે તમામ ઇન્દ્રિયોનું મૂળ છે તેનો અને સ્પર્શ, ગંધ, શબ્દ તથા રૂપની ઇંદ્રિયોનો નિગ્રહ કેળવવા વિવિધ રસોને તેમજ વિવિધ સ્પર્શોને, વિવિધ ગંધોને, વિવિધ શબ્દોને અને વિવિધ રૂપોને ભોગવવાની વધારે પડતી પ્રવૃત્તિનો ત્યાગ કરવો. કાયક્લેશ એટલે સંયમ પ્રાપ્તિ માટે શરીરને ખડતલ બનાવવા અને સંયમ કેળવતાં જે જે કષ્ટો આવે વા પોતાનો શુદ્ધ સંકલ્પ સિદ્ધ કરવા જતાં જે જે શારીરિક કષ્ટો આવે તેમને પ્રસન્નભાવે સહવા માટે શરીરને તૈયાર કરવા જે જે પ્રકારનો શરીરને દુઃખકર પણ વ્યાયામ કરવો પડે વા જે જે વિવિધ આસનો વગેરે કરવાં પડે વા ટાઢ તાપ શરદી વગેરે જે જે પ્રાકૃતિક પીડા સહવી પડે તે અર્થે શરીરની તાલિમ લેવી. સંલીનતા એટલે કોઈપણ પ્રયોજન વિના શરીરને વા શરીરના કોઈ પણ એક વા બધા અવયવોને ચંચળ ન થવા દેવા અર્થાત શરીરને બરાબર સ્થિર રાખવાની ટેવ પાડવી, ઈંદ્રિયોને, હાથ પગ વગેરે અંગોને અને મનને પણ સ્થિર રાખવાની ટેવ પાડવી. આ ૬ પ્રકાર બહારના તપના છે. આંતર તપના ૬ પ્રકાર આ પ્રમાણે છે: ૧ પ્રાયશ્ચિત્ત, ૨ વિનય, ૩ વૈયાવૃત્ત્ય, ૪ સ્વાધ્યાય, ૫ ધ્યાન અને

૬ કાયોત્સર્ગ. પ્રાયશ્ચિત્ત એટલે વિવિધ પ્રવૃત્તિઓ કરતાં નાનાં કે [illegible] શારીરિક વાચિક કે માનસિક જે કોઇ દૂષણો લાગે તેમનું [illegible] શોધન કર્યા જ કરવું. વિનય એટલે વિદ્યાગુરુ, ધર્મગુરુ, [illegible] પુરુષો, વડીલજનો, માતાપિતા, સાધુસંતો વગેરે તરફ ભક્તિ [illegible] માનથી વર્તવું. વૈયાવૃત્ય એટલે અશક્તો, માંદાઓ, બાળકો, [illegible] જનો, દુઃખી વા રોગી સ્ત્રીઓ વગેરેની સેવા કરવી તથા કુટુંબ [illegible] સમાજ કે દેશની સેવા કરવી. સેવા કરવા જતાં કોઈ નાત જાત [illegible] ધર્મ સંપ્રદાય રંગ કે દેશ વગેરેનો ભેદ ન રખાય તો તે ઉત્તમ [illegible] કહેવાય. સ્વાધ્યાય એટલે પોતાની સદ્વૃત્તિને જાગૃત રાખવા [illegible] શાસ્ત્રનાં વચનોનો, સાધુસંતોની વાણીનો ભજનોનો [illegible] સજ્ઝાયોનો તેમનાં અર્થની વિચારણા સાથે વારંવાર પાઠ કરવો [illegible] સદ્વચનોને સ્થિર ભાવે વારંવાર વાંચ્યા કરવા. ધ્યાન એકાંત [illegible] જ્યાં કોઈ બીજાને વિક્ષેપ ન આવે એવું હોય તેવા સ્થાનમાં [illegible] પોતાના ગુણદોષોનું નિરીક્ષણ કરવું અથવા પોતાનાં દૂષણો દૂર [illegible] અને ગુણો પ્રગટે એ માટે કોઈ આદર્શ આલંબનનું ચિંતન કરવું. કાયોત્સર્ગ એટલે ગમે તે કાળે અને ગમે તે સ્થળે [illegible] માટે ચાલી નીકળવું પડે તેટલી નિર્ભયતા કેળવવા એકાન્ત [illegible] જેવા [illegible] જંગલમાં કે એવી કોઇ ભયવાળી જગ્યાએ જતાં કે [illegible] ન લાગે અને પ્રસન્ન ભાવે જઈ શકાય તે માટે [illegible] અને [illegible] પૂરા કર્યા જતાં શરીર વગેરે આલંબનોને [illegible] [illegible] માટે પણ [illegible] કરવાનો અભ્યાસ કરવો. [illegible] [illegible] પૂર્ણ જ [illegible]

[illegible]

દેવો પણ-જ્યારે વૈદિક કર્મકાંડોમાં યજ્ઞયાગ વગેરેની પ્રધાનતા હતી, દેવોને પ્રસન્ન રાખવા એ કર્મકાંડો કરવામાં આવતાં અને દેવો પુદ્ધાં યજ્ઞનો ભાગ લેવા આવતા એમ મનાતું ત્યારે દેવોની ભારે પ્રતિષ્ઠા હતી એટલે આ પદ્યના કર્તા શય્યંભવસૂરિ જણાવે છે કે જેમનું મન અહિંસા સંયમ અને તપ રૂપ ધર્મ તરફ સદા વળેલું છે તેમને એ પ્રતિષ્ઠિત દેવો પણ નમસ્કાર કરે છે. વૈદિક પરંપરામાં અને તેના ગ્રંથોમાં દેવોનું જેટલું મહત્ત્વ છે તેટલું મહત્ત્વ જૈન પરંપરામાં કે તેના સાહિત્યમાં નથી.

આચાર્ય શય્યંભવસૂરિએ ધર્મસૂત્રના આ પદ્યને પોતે રચેલા દશવૈકાલિક સૂત્રમાં પ્રથમ મૂકેલ છે. તેઓ પોતે પ્રખર કર્મકાંડી બ્રાહ્મણ હતા. પાછળથી તેઓએ જૈન દીક્ષા સ્વીકારેલી. પછી જ્યારે મનક નામનો તેમનો પુત્ર પિતાને શોધતો શોધતો તેમની પાસે આવ્યો ત્યારે તેમણે તે નાના મનકને પણ જૈન દીક્ષા આપી. જ્યારે તેમને ખબર પડી કે મનક વધારે જીવે એમ નથી તેથી તેના વાચનને માટે જેમાં સંક્ષેપે કરીને તમામ જૈન આગમોનો સાર આવી જાય એવું દશવૈકાલિક સૂત્ર રચી કાઢયું. એ પૂર્વાવસ્થામાં પ્રખર કર્મકાંડી બ્રાહ્મણના સમયમાં તે વખતના સમાજમાં દેવોની પ્રતિષ્ઠા હોય એ સ્વાભાવિક છે.

જૈન ધર્મની દૃષ્ટિ ચિત્તશુદ્ધિપ્રધાન છે અને ચિત્તશુદ્ધિનાં મુખ્ય સાધન અહિંસા સંયમ અને તપ છે એટલે તે દૃષ્ટિએ દેવો કરતાં શ્રેયાર્થી મનુષ્યો જ વિશેષ પ્રતિષ્ઠિત છે, જ્યારે દેવો મોટે ભાગે નર્યા ભોગપરાયણ હોઈ શ્રેયાર્થી મનુષ્યની સરખામણીમાં તેમનું મૂલ્ય નહીંવત છે એ ખ્યાલમાં રાખવાનું છે.

ગા૦ ૨ પાંચ મહાવ્રતોને-સરખાવો: 'पञ्चैतानि पवित्राणि सर्वेषां धर्मचारिणाम्। अहिंसा सत्यमस्तेयं त्यागो मैथुनवर्जनम्' આ સુપ્રસિદ્ધ શ્લોક. અર્થાત્ તમામ ધર્મને અનુસરનારાઓએ આ પાંચ

આચારોને પવિત્ર માનેલા છે: અહિંસા, સત્ય, અચૌર્ય, [illegible] બ્રહ્મચર્ય. પાંચ મહાવ્રતોના ઉલ્લેખવાળું આ પદ્ય ઉત્તરાધ્યયન[illegible] સમુદ્રપાલિત નામનો મુનિ બોલે છે. તેની કથાનો સાર આ [illegible]

ચંપા નગરીમાં—વર્તમાન ભાગલપુર પાસેના ચંપાનગરમાં— [illegible] નામનો એક મોટો સાર્થવાહ—વહેવારી—રહેતો હતો. તે, ભગવાન મ[illegible] ઉપાસક—શ્રાવક—હતો. એક વખત વહાણમાં વિવિધ કરીયાણું [illegible] સમુદ્ર માર્ગે ચંપાથી નીકળી પિહુંડ નામને ગામે પહોંચ્યો. [illegible] એક વાણિયાએ પાલિતને પોતાની પુત્રી પરણાવી. પાલિત [illegible] પત્નીને લઈને ચંપા તરફ પાછો ફરતો હતો ત્યારે રસ્તામાં [illegible] [illegible] તેની પત્નીએ પુત્રને જન્મ આપ્યો તેથી તેનું નામ 'સમુદ્રપાલિત' પાડ્યું. આ નામમાં પિતાનું નામ જોડાયેલ છે [illegible] [illegible] કે [illegible] નાના [illegible] પિતાનું નામ જોડવાની [illegible]

અને તેનાં દુષ્પરિણામો વિશે પણ તીવ્ર વિચાર આવ્યો, તેથી તેનું મન એ વિલાસોથી ઉદાસ થઈ ગયું અને તે, એ બધા વિલાસો તથા અનર્ગળ સંપત્તિવૈભવ છોડી દઈને ભગવાન મહાવીરને શરણે આવ્યો અને તેમની પાસે શ્રમણદીક્ષા લઈ તેમના શ્રમણસંઘમાં રહી આ પાંચ મહાવ્રતોને આચરવા લાગ્યો. તે મુનિ થયેલ સમુદ્રપાલિત આ બીજા પદ્યને બોલે છે.

શ્રી જિન—આ શબ્દ જિ જયે ધાતુ ઉપરથી આવેલ છે. જે, રાગદ્વેષ વગેરે આંતર શત્રુઓને જિતનાર છે તે જિન કહેવાય છે. જૈન એટલે જિનનો અનુયાયી. આ શબ્દ જૈન તીર્થંકરો માટે વપરાય છે તેમ બૌદ્ધ તીર્થંકરો માટે અને શ્રીવિષ્ણુ ભગવાન માટે પણ વપરાય છે. સંસ્કૃત કોશકાર અમરસિંહ, હેમચંદ્ર અને પુરુષોત્તમપંડિત વગેરેએ 'જિન' શબ્દના એ ત્રણે અર્થો બતાવેલા છે

ગા૦ ૪ શરણ—આ પદ્યમાં ધર્મને 'શરણ' સમાન બતાવેલ છે તેનો આશય આ છેઃ જે શ્રેયાર્થી શુદ્ધનિષ્ઠાથી ધર્મનું એટલે સદાચરણ સંયમ તપ વગેરેનું આચરણ કરે છે તેને જરા મરણ વગેરેની વેદના સતાવતી નથી. શરીરધારી માત્રને જરા મરણ આવવાં એ તદ્દન સ્વાભાવિક છે. શરીરનો એવો જ સ્વભાવ છે એટલે એ વેદનાઓ મોટા ભૂપ તો શું તીર્થંકરોથી પણ ટાળી ટળતી નથી. ફક્ત ધર્મારાધન સમતાનું કારણ બને છે, એથી એ વેદનાઓ તદ્દન હળવી થઈ જાય છે એ દષ્ટિએ દુઃખમાત્રમાં 'ધર્મ' ને શરણ સમજવાનો છે.

ગા૦ ૯ ઘડપણ—સંયમ તપ સદાચરણ શ્રેયની પ્રવૃત્તિ વગેરેની સાધના વિવેક પ્રાપ્ત થતાં યુવાવસ્થાથી જ શરૂ કરી દેવી જોઈએ. એમ કરવાથી એનો સારો એવો અભ્યાસ પડી જશે અને આપણાં મન વચન અને શરીરનાં વલણો એ તરફ વળી જશે અને યુવાવસ્થા પછીની આધેડ ઉમર આવતાં કે ઘડપણ આવતાં ય આપણું એ ધર્મમય વલણ ટકી રહેશે એટલે યુવાવસ્થાથી માંડી છેક છેલ્લી અવસ્થા સુધી

ને રોજ મંદિરે જાય અને રડવું આવી જાય એ રીતે કલાકેક સુધી
વાનની સેવા પૂજા ભક્તિ દીવો આરતી બધુંજ કરે અને છેલ્લે સંસાર-
ી છૂટકારાની માગણી કરે. સૂરજ ઉગવાનું કદાચ ભૂલી જાય પણ ડોશી
દરે આવવાનું ન ચૂકે એવો તેનો દૃઢ નિયમ. પૂજારી પણ ડોશીની
ક્ત ઉપર ફીદા થઈ ગયો. એમ કરતાં એક દિવસ ડોશી મંદિર ન
વી શકી. પૂજારીએ વિચાર્યું કે આમ કેમ થયું-શું ડોશી મોક્ષધામમાં
ંચી ગઇ ? એ સિવાય તે આવ્યા વિના ન જ રહે, પૂજારી તો લોટ
ગવાનું બાનું કરીને ડોશીને ઘરે પહોંચ્યો. ડોશીએ પૂજારીને ખાસો મજાનો
વકાર આપ્યો અને દોથો ભરીને તાજો હાથે દળેલા ઘઉંનો
ટ આપ્યો. વાતનો તાગ લેવા પૂજારી તો બેઠો અને ડોશીમા સાથે
તે વળગ્યો. વાત કરતાં ખબર પડી ગઈ કે આજે ડોશીની ભેંશને
લું પાડું આવેલું, તેથી ભેંશ કેમે કરીને દોહવા ન દે, એની મથા-
ણમાં જ ડોશી મંદિર આવવું ચૂકી ગયાં. પૂજારી સમજ્યો કે ડોશીના
મમાં મોક્ષધામની કલ્પના કાંઇ જુદા પ્રકારની લાગે છે. ફરી વળી
શીમાએ મંદિરના પગથીયાં ઘસવા શરૂ કરી દીધાં અને એ જ ભક્તિ
ન આરતી ધૂપ સાથે આંખમાં આંસુ આવી જાય એવા પ્રાર્થનાના
રો નીકળવા લાગ્યા. પૂજારીને થયું કે લાવને ડોશીને મોક્ષધામનું
રૂપ સમજાવું એટલે એક દિવસ એ દેવમૂર્તિની પાછળ લપાઈ ગયો
ને જેવાં ડોશી પૂજા પ્રાર્થના કરીને ઊઠ્યાં તેવો જ જાણે કે દેવ ન
લતા હોય એ રીતે બોલ્યો : ડોશીમા ! આજ તો હું તારી ભક્તિથી
સાન થઈ ગયો છું, માગ માગ તું માગે તે આપું, મારું વચન
ફર છે. ડોશીને મોક્ષધામની જ જરૂર હતી એટલે તેણે તરત જ
ક્ષધામની માગણી કરી. દેવ બોલ્યા : સાંભળ, હમણાં જ તારું પાડું
રી ગયું ને ? તે જ રીતે તારી ભેંશ મરી જશે, તારા દીકરા મરી
શે, તેમની વહૂઓ ય મરી જશે, પછી છેલ્લી તું ય મરી જઇશ એટલે
ક્ષધામ તને મળી જશે. ડોશી તો ફાટયે ડોળે આ બધું સાંભળીને
મતાઇ જ ગઇ અને ગળગળી થઇને કહેવા લાગી કે હે જિન ભગવાન !

ર ચડી ગયા. દૈવયોગે એ શ્રમણો પણ એ જ વડના ઝાડની નીચે ને પોતાના મહિનાના ઉપવાસનું પારણું કરવા આવ્યા બેઠા. વડ ર બેઠેલા તે છોકરાઓએ તેમનું ખાવાનું બરાબર જોયું તો માલુમ પુરે તેમના ખાવામાં માંસ કે એવું બીજું કશું અખાદ્ય ન હતું. હું શ્રમણોનો સરળ સ્વભાવ મધુર ભાષણ અને સૌમ્ય આકાર અને તેઓ તેમના તરફ એવા આકર્ષાયા કે તેમને એમના શિષ્ય ને રહેવાનો વિચાર એકાએક થઇ આવ્યો. પછી તેઓ બન્ને માતા-તાની સમ્મતિ મેળવવા ગયા ત્યારે તેમનો પિતા તેમને કહે છે કે ા! આપણે બ્રાહ્મણ કહેવાઈએ, તેમાં ય આપણું કુટુંબ ઊંચું પુરો-તનું એટલે ગૃહસ્થાશ્રમ માંડયા વિના આપણી સદ્ગતિ જ ન થાય, પુત્રસ્ય ગતિર્નાસ્તિ' એવું વેદવચન છે તે તમે કયાં નથી જાણતા? ારે વેદોનો અને બીજાં બીજાં વૈદિક કર્મકાંડનાં શાસ્ત્રોનો અભ્યાસ ા થઈ જાય પછી તમે ગૃહસ્થાશ્રમ માંડો, પુત્રોના પિતા થાઓ, ગ્નિની સ્થાપના કરો, બ્રાહ્મણોને જમાડો અને પછી વાનપ્રસ્થ થઈ ન્યાસ લેવાનો વિચાર કરી શકાય. પુત્ર સિવાય ગત થયેલા પિતાને ીજે કોણ પિંડ આપે? તમને ખબર તો છે કે પિંડ વિના પિતા વગતિયા થાય છે. આવી આવી અનેક વાતો ભૃગુએ પોતાના પુત્રોને મજાવી પણ તેઓ તો એકના બે ન થયા અને દીક્ષા લેવાનો જ ાગ્રહ કરવા લાગ્યા. છેવટે પિતાએ તેમને કહ્યું કે જેના નિર્વાણ માટે મે વિચારો છો તે આત્મા જ ક્યાં છે? કોણે જોયો છે? આ રીતે ાકરાઓને તેમના સંકલ્પથી ચળાવવા ભૃગુએ નાસ્તિકવાદનો આશરો ઈ સમજાવવા માંડયું; પરંતુ પિતાની તમામ તર્કજાળનો પુત્રોએ રાબર જવાબ વાળતાં કહ્યું કે આ હિંસાવિધિપ્રધાન વેદોના અભ્યાસથી અમારું શું ભલું થવાનું છે? આ નામના બ્રાહ્મણોને જમાડીને પણ અમને શો ફાયદો થવાનો છે? મરી ગયેલો પિતા કયાં છે? તેની જ ખબર નથી તો પછી તેને પિંડ કયાં પહોંચે? (જુઓ મહાવીરવાણી અશરણ સૂત્ર પદ્ય પાંચમું) છેવટે થાકીને પિતાએ અને

માતાએ પોતાના બન્ને સંતાનોને શ્રમણ થવાની સંમતિ આ
જ્યારે પોતાના જુવાન પુત્રો જ શ્રમણ થવાની તૈયારી કરે છે ત
પછી ભૃગુ પોતે અને તેની પત્ની જશા જે ઘરડાં ખખ થઈ
છે તે હવે ગૃહસ્થાશ્રમમાં કેમ રહી શકે? એટલે લોકભાષ
બન્ને પણ પુત્રોની સાથે જ શ્રમણદીક્ષા લેવા તૈયાર થયાં, આમ આ
બ્રાહ્મણકુટુંબ શ્રમણદીક્ષા માટે તૈયાર થયું જાણીને અને તે
પછવાડે બીજો કોઈ વારસ ન હોવાથી તેમની સંપત્તિનો, ઘરબ
કબજો લેવા ત્યાં રાજા પોતે પોતાના કબજેદાર માણસો સાથે
પહોંચ્યો. એ વખતે રાણી કમલાવતી પોતાના પતિ રાજાને સમ
છે કે હે રાજા! જે ધન માલ અને ઘરબાર આ બ્રાહ્મણોએ
નાખ્યાં છે–છોડી દીધાં છે તેને લઈને ભૂંડા! તું કેટલુંક વધુ
શકીશ? તારી પાસે સંપત્તિ ક્યાં ઓછી છે? રાજા હે! તૃષ્ણા
અંત વિનાની છે. તેનો છેડો કદી ય આવવાનો નથી. આમ કહેતાં
રાણી છેવટે જે કહે છે તે જ આ દસમા પદ્યમાં કહેલું છે.
સાંભળીને રાજાને પણ બોધ થયો એટલે આ છએ જણા–ઇષુકાર
કમલાવતી રાણી, ભૃગુ, તેની પત્ની જશા અને તેના બે પુત્ર
સાથે દીક્ષા લઈ આત્મશ્રેયની સાધનામાં લાગી ગયા. પ્રસ્તુત ધર્મ
જે સાતમું અને આઠમું પદ્ય છે તે, પોતાના પિતાને સમ
ભૃગુના પુત્રો બોલે છે

ભૃગુના પુત્રોનો પોતાના પિતા સાથે જે સંવાદ થયેલ છે
સંવાદ મહાભારતના બારમા શાંતિપર્વના ત્રીજા મોક્ષધર્મપર્વના ૧
અધ્યાયમાં આવે છે. ત્યાં રાજા યુધિષ્ઠિર અને ભીષ્મપિતામહ
ઇત્યાદિ પ્રવૃત્તિને અંગે ચર્ચા ચાલે છે. તેમાં પિતામહ, બ્રાહ્મણ
વચ્ચે થયેલો જે પ્રાચીન સંવાદ ટાંકી બતાવે છે તે
સંવાદ છે. આવી જ હકીકત હત્થિપાલ જાતકમાં પણ નોંધાએલ
છે. આમ આ એક જ સંવાદ જૈન પરંપરામાં, બૌદ્ધ પરંપરા

ણુ પરંપરામાં સચવાયેલ છે એથી માલુમ પડે છે કે તે કેટલો બધો ાન છે અને આ સંવાદ જૂનાકાળની ધર્મસંબંધી કલ્પનાને પણ આકાર આપે છે. આ વિશે વિશેષ જાણવા માટે જુઓ ૧૯૫૨ ના ારીના અખંડઆનંદ માસિકમાં 'મહાભારત અને જૈન આગમ' નો લેખ.

: ૨ :

अहिंसा-सुत्तं

) तत्थिमं पढमं ठाणं, महावीरेण देसियं ।
अहिंसा निउणा दिट्ठा, सव्वभूएसु संजमो ॥१॥

: ૩ :

અહિંસા-સૂત્ર

૧૧. તે તે તમામ ધર્મસ્થાનોમાં ભગવાન મહાવીરે ામ સ્થાન આ બતાવેલું છે: નાના મોટા તમામ જીવો ો સંયમપૂર્વક વ્યવહાર કરવાની પ્રવૃત્તિમાં તેમણે નિપુણ-ક્ષ્મ્વી અહિંસા જોએલી છે; અર્થાત્ એવી અહિંસાને તેમણે ૫મ સ્થાને બતાવેલ છે.

२) जावन्ति लोए पाणा, तसा अदुव थावरा।
ते जाणमजाणं वा, न हणे नो वि घायए ॥२॥

[दश० अ० ६ गा० ८,९]

૧૨. આ દુનિયામાં જેટલાં ત્રસ પ્રાણી છે અથવા ટલાં સ્થાવર પ્રાણી છે, જાણતાં કે અજાણતાં તેમને કોઇને ણવાં નહિ, તેમ બીજા પાસે હણાવવાં પણ નહિ.

(१३) सयं तिवायए पाणे, अदुवऽन्नेहिं घायए।
हणन्तं वाऽणुजाणाइ, वेरं वड्ढइ अप्पणो ॥३॥
[सूत्र० श्रु० १ अ० १ उ० १ गा

१३. परिग्रहधारी मनुष्य पोते जाते प्राणीना प्र[illegible] हणे छे अथवा बीजा पासे हणावे छे, अथवा मा[illegible] तरफ पोतानी सम्मति बतावे छे, अने एम करीने ते [illegible] वैर वधारे छे.

(१४) जगनिस्सिएहिं भूएहिं, तसनामेहिं थावरेहिं च।
नो तेसिमारभे दंडं, मणसा वयसा कायसा चेव ॥४॥
[उत्तरा० अ० ८ गा

१४. जगतमां रहेला त्रस जीवो वडे अथवा [illegible] जीवो वडे पीडा पामवा छतां य तेमनी उपर मनथी [illegible] के शरीरथी दंडनो प्रयोग नहि करवो जोईए

(१५) [illegible] जीवा वि इच्छंति, जीविउं न मरिज्जिउं।
[illegible] पाणिवहं घोरं, निग्गंथा वज्जयंति णं ॥५॥
[illegible] [दशवै० अ० ६ गा

१५. [illegible]

[illegible]

१६. બધી બાજુઓથી આવી પડનારાં બધાં સુખ
; મૂળ આપણા અંતરમાં છે એમ જાણીને, અને
માત્રને એક પોતાનો જીવ વહાલામાં વહાલો છે એમ
ને, જેઓ ભય અને દ્વેષના દોષોથી નિવૃત્ત થએલા
પો, કોઈ પણ પ્રાણીના પ્રાણને હણતા નથી.

सव्वाहिं अणुजुत्तीहिं, मतिमं पडिलेहिया ।
सव्वे अक्कन्तदुक्खा य, अओ सव्वे न हिंसया ॥ ७ ॥

१७. મતિમાન મનુષ્યે તમામ પ્રકારની યુક્તિઓથી
ીને, અને તમામ પ્રાણીઓને દુઃખ ગમતું નથી એ
ાને પોતાના જાત અનુભવથી સમજીને, કોઈ પણ
ી હિંસા ન કરવી

एयं खु नाणिणो सारं, जं न हिंसति किंचण ।
अहिंसासमयं चेव एयावन्तं वियाणिया ॥ ८ ॥

[सूत्र० श्रु० १ अ० ११ गा० ९, १०]

१८. કોઈને પણ પીડા ન કરવી; એ, ખરેખર
ેા માટે સારરૂપ છે. અહિંસાનું એટલું જ તાત્પર્ય
ાય તો ય ઘણું છે.

संबुज्झमाणे उ नरे मइमं,
पावाउ अप्पाण निवट्टएज्जा ।
हिंसप्पसूयाइं दुहाइं मत्ता,
वेरानुबन्धीणि महब्भयाणि ॥ ९ ॥

[सूत्र० श्रु० १ अ० १० गा० २१]

૧૯. દુઃખો હિંસાથી જન્મેલાં છે, વેરં છે અને મહાભયંકર છે, એમ જાણીને બુદ્ધિમાન મનુષ્ય તો પોતાની જાતને પાપથી

(२०) समया सव्वभूएसु, सत्तु–मित्तेसु वा जगे ।
पाणाइवायविरई, जावज्जीवाए दुक्करं ॥ १०

[उत्तरा० अ० १

૨૦. દુનિયામાં તમામ પ્રાણીઓ તરફ–પ શત્રુ હોય અથવા મિત્ર હોય–સમભાવે વર્તવું અહિંસા છે. એવી અહિંસા અર્થાત્ સમતા તમામ પ્રાણીઓને પીડા કરવાની પ્રવૃત્તિનો ત્યાગ તમામ પ્રકારની હિંસાનો ત્યાગ–જીંદગી પર્યં નભાવવો દુષ્કર છે.

ટિપ્પણ

અહિંસા સૂત્ર [illegible]

[illegible]

ળાથી માંડીને મોટામાં મોટા તમામ જાતના કામદારો વિશે, મજૂર
ઓ વિશે, તમામ પ્રકારના મજૂરો વિશે અર્થાત્ વિવિધ જાતની
ા કરનારાઓ પુરુષો કે સ્ત્રીઓ વિશે પણ તેજસ્વી અને
સ્વી અહિંસાની દૃષ્ટિએ સમજી લેવાનું છે. તેઓ ધારે તો જરૂર
વી અહિંસાને આચરી શકે છે અને એમ ન ધારે તો અહિંસા
ાં છતાં તેનું જીવનમાં અને વ્યવહારમાં સ્વાસ્થ્યકર પરિણામ
તું નથી.

દિટ્ઠા–જોએલી છે–અનુભવેલી છે અર્થાત્ ભગવાન મહાવીરે
જાતે મનુષ્ય વગેરે નાના મોટા તમામ પ્રાણીઓ સાથેના વ્યવ-
ાં સંયમપૂર્વકનું વર્તન કેળવીને આ તેજસ્વી અહિંસાને–નિપુણ
ંસાને–અનુભવેલી છે–પ્રત્યક્ષવત્ કરેલી છે–એમણે પોતે જાતે
મનો પ્રયોગ કરીને અહિંસાનું જ્વલંત તેજ અનુભવી જોએલ છે
આશય બતાવવા જ મૂળ ગાથામાં દિટ્ઠા શબ્દનો ઉપયોગ કરેલ છે.
ુ જોયા જાણ્યા વિના કે અનુભવ્યા વિના એમને એમ જ અહિં-
વખાણી છે એમ નથી. કોઈ સારી પ્રવૃત્તિ કે સારી વસ્તુ હોય
તેને ઘણા લોકો અનુભવ્યા વિના જ એમને એમ વખાણવા મંડી
છે–ગતાનુગતિક પ્રવાહે તેનું જોરદાર સમર્થન કરવા મંડી પડે
એવું અહીં નથી એમ સ્પષ્ટ કરવા દિટ્ઠા શબ્દને વાપરેલ છે. એમ
ગાથાની વ્યાખ્યાકરનારા પૂર્વાચાર્યોનો ઊંડો આશય છે.

ગા૦ ૧૨ **ત્રસ પ્રાણી**—જે પ્રાણીઓ ગતિવાળાં છે એટલે ત્રાસ
ી પોતાના રક્ષણ માટે આમ તેમ ગતિ કરે છે તેમને જૈનપરિભાષામાં,
દ્ધપરિભાષામાં અને વૈદિક પરિભાષામાં 'ત્રસ' કહેલાં છે. (જુઓ
મપદ ૨૬મો બ્રાહ્મણ વર્ગ શ્લો૦ ૨૩, આ માટે જુઓ ૨૧ મા
ભણુ-સૂત્રના ચોથા પદ ઉપરનું ટિપ્પણ) તથા "ऋजुः प्रणिहितो
टन् त्रस-स्थावरवर्जकः"– (મહાભારત, શાંતિપર્વ રાજધર્માનુશાસન
ર્વ અધ્યાય નવમો, શ્લોક ૧૯) નાની કીડીથી માંડીને માણસ સુધીનાં
ાં પ્રાણીઓ ત્રસ છે. **સ્થાવર પ્રાણી**–જેમને ગમે તેટલો ત્રાસ

ક્રમર્યાદા પ્રવાસની મર્યાદાનું સ્વરૂપ આ છેઃ માણસ પોતાના
 માં રહેતો હોય, ત્યાં જ તેને પોતાની મર્યાદામાં સ્વીકારેલ જીવનનું
। પોષણ અને સંવર્ધન કરવાની પૂરતી સગવડ મળી રહેતી હોય
ત જાત મહેનત દ્વારા વા મર્યાદામાં સ્વીકારેલી બીજાઓની મહેનત
પોતાનો અને કુટુંબનો નિર્વાહ આરોગ્ય સાથે ચાલી શકતો હોય
રે રહેવાનું કપડાં અને ખાવાપીવાની ચીજો ઉપરાંત બીજી બીજી
રોયાતની સામગ્રી ગામમાં જ વસતાં કુંભાર, સઈ-દરજી. ઘાંચી,
